Saturday 07, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૫૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖

વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

વાપીમાં ધનતેરસે વાહન બજારમાં તેજી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૬ : વાપીમાં ધનતેરસના શુભ દિવસે કાર, મોટરસાઇકલ અને મોપેડની ખરીદી માટે વિવિધ શોરૂમમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી.

મોટી સંખ્યામાં લોકોએ નવા વાહનોની ખરીદી કરતાં ડીલરો, પેટા ડીલરો અને એજન્સી સંચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગત દશેરાના તહેવાર દરમિયાન દર વર્ષની સરખામણીએ સમગ્ર દેશમાં અને ગુજરાત રાજ્યમાં તેમજ દક્ષિણ ગુજરાતમાં આ વર્ષે કાર, બાઈક અને મોપેડનું વેચાણ ઓછું રહેતાં વાહન ડીલરોમાં નિરાશા જોવા મળી હતી.

જોકે, ધનતેરસના શુભ દિવસને વાહન ખરીદી માટે શુભ માનવામાં આવતો હોવાથી આજે વાપીના વિવિધ વાહન શોરૂમમાં ગ્રાહકોનો ધસારો જોવા મળ્યો હતો. ધનતેરસે વાહનોના વેચાણમાં તેજી આવતાં દશેરાની મંદીનું નુકસાન સરભર થવાની આશા સાથે વાહન વેપારીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ અંગે એક એજન્સીના કર્મચારીના જણાવ્યા મુજબ ગત વર્ષ કરતાં આ વર્ષે ધનતેરસ છે ૨૫ થી ૩૦ ટકા જેટલું કારનું વેચાણ વધ્યું છે.









ચીખલી બજારમાં દિવાળીની ઘરાકીને લઈ વેપારીઓમાં ચિંતાનું મોજું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા. ૦૬ : દિવાળી ના આડે ગણતરીના દિવસો બાકી હોય છતાં પણ ચીખલી બજારમાં ઘરાકી ન જોવા મળતા વેપારીઓમાં ચિંતા જોવા મળી રહી છે વેપારીઓ દ્વારા લાખો રૂપિયાની ચીજ વસ્તુઓ દુકાનમાં ભરીને રાખી છે અને ઘરાકી ન નીકળતા વેપારીઓ માં આ વર્ષ પણ ફિક્કું રહેશે એવું અનુમાન કરી રહ્યા છે.ચીખલી તાલુકામાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ થતા કેટલાક ગામોમાં પુરના પાણી ફરિવળતા તેમજ ઘરવખરી ચીજ વસ્તુઓ પણ પાણીમાં તણાઈ જતા લોકો માંડ માંડ ઘરવખરી ચીજ વસ્તુઓ અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ ભેગી કરી રહ્યા છે

અને હાલમાં ખેતરમાં વાવેલ ડાંગરની કાપણી પૂરજોશમાં ચાલી રહી છે મજૂરો પણ બે પૈસા મળી રહેશે એમ કરીને કાપણીના કામમાં વ્યસ્ત બન્યા છે

તો બીજી તરફ દિવાળીના આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે છતાં પણ બજારમાં ઘરાકી ન જોવા મળતા વેપારી આલમમાં ચિંતા જોવા મળી રહી છે.

દર વર્ષે જાહેર તહેવારોના એક બે દિવસ અગાઉ જ ઘરાકી જોવા મળતી હોય ત્યારે આ વર્ષે પણ દિવાળીના છેલ્લા એક બે દિવસ જ ઘરાકી નીકળશે એવી આશા વ્યક્ત કરીને બેઠા છે.

જોકે દરેક ધંધામાં હવે કોમ્પિટિશન જોવા મળી રહી છે ત્યારે ગ્રાહકો પણ બ્રાન્ડેડ વસ્તુના બદલે હવે રૂટિન ચીજ વસ્તુઓ ખરીદી તહેવારો મનાવી રહ્યા છે.

બિલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'માતૃ પિતૃ વંદના ૩.૦' ઉત્સવ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બિલીમોરા, તા. ૦૬ : બિલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલ, પાટી ખાતે બુધવારે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોના જતન અર્થે 'માતૃ પિતૃ વંદના ૩.૦' કાર્યક્રમનું ભાવસભર આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આધુનિક શિક્ષણની સાથોસાથ વિદ્યાર્થીઓમાં પારિવારિક મૂલ્યો, નૈતિક જવાબદારી અને માતા-પિતા પ્રત્યે આદરની ભાવના કેળવવાનો હતો.



કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ભાવપૂર્ણ વાતાવરણમાં પોતાના માતા-પિતાનું પૂજન અને વંદન કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

સંતાનોના આ સંસ્કાર જોઈ ઉપસ્થિત વાલીઓ પણ ભાવવિભોર બન્યા હતા.

કાર્યક્રમ થકી સંદેશ આપવામાં આવ્યો હતો કે જીવનમાં માતા-પિતા જ પ્રથમ ગુરુ છે અને સાચું શિક્ષણ સંસ્કાર વિના અધૂરું છે.

શાળાના સ્થાપક અધ્યક્ષ બી. જી. ભાટિયાના માર્ગદર્શન હેઠળ શાળા સંચાલક મંડળ, આચાર્ય અને શિક્ષકગણના સહિયારા પ્રયાસોથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

બીલીમોરાની બ્રાઈટ સ્ટાર અને જે. જે. મહેતા સ્કૂલમાં દિવાળીની ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૦૬ : બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલ અને જે. જે. મહેતા સ્કૂલના સંયુક્ત ઉપક્રમે દિવાળી પર્વની હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. કાર્યક્રમમાં બ્રાઈટ સ્ટાર સ્કૂલના વિદ્યાર્થીઓએ 'રામસેતુ નિર્માણમાં ખિસકોલીનું યોગદાન' વિષય પર પ્રેરણાદાયી નાટક રજૂ કર્યું હતું, જેમાં સત્કાર્યમાં નાનામાં નાના -યાસનું મહત્વ દર્શાવવામાં આવ્યું હતું. જ્યારે જે. જે. મહેતા સ્કૂલના વિદ્યાર્થીઓએ ૧૪ વર્ષના વનવાસ બાદ પ્રભુ શ્રીરામના અયોધ્યા આગમન અને સ્વાગત પર આધારિત ભાવસભર નૃત્ય રજૂ કરી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.આ ઉપરાંત વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ખીલવવા દીવડા સુશોભન (દિયા ડેકોરેશન) અને રંગોળી સ્પર્ધાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. નવી પેઢી ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિ સાથે જોડાયેલી રહે તે હેતુથી યોજાયેલા આ કાર્યક્રમની સફળતા બદલ શાળા ટ્રસ્ટના પ્રમુખ ડૉ. સૂર્યાકાન્ત પટેલ, મંત્રી નીના મહેતા, ટ્રેઝરર મનીષ દેસાઈ તેમજ ટ્રસ્ટીઓ જયશ્રીબેન દેસાઈ, પ્રથમેશ વશી અને અશોક ભટ્ટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સરાહના કરી અભિનંદન પાઠવ્યા હતા.

ગણદેવી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ચાર કામો સર્વાનુમતે મંજૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા. ૦૬ : ગણદેવી તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા ગુરુવાર બપોરે તાલુકા પંચાયત ભવનના સભાખંડમાં પ્રમુખ પુષ્પાબેન પટેલની અધ્યક્ષતામાં મળી હતી. સભામાં એજન્ડા પરનાં ચારેય કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત તાલુકા બાળ સુરક્ષા સમિતિની રચના કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગત ચોમાસા દરમિયાન તાલુકાનાં અનેક ગામોમાં સર્જાયેલી ભયાવહ પૂરપરિસ્થિતિ, પૂરગ્રસ્તોને સહાયની ચૂકવણી, નદીઓના સાંકડા બનેલા પટ્ટ અને પાણીના વહેણમાં અવરોધ સહિતના મહત્ત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.સભાની શરૂઆતમાં ગત સામાન્ય સભાની કાર્યવાહી પર ચર્ચા કરી તેને બહાલી આપવામાં આવી હતી. ત્યારબાદ ગત ચોમાસાની ઋતુ દરમિયાન તાલુકાનાં વિવિધ ગામોમાં સર્જાયેલી ગંભીર પૂરપરિસ્થિતિનો મુદ્દો ઉપસ્થિત થયો હતો. દરમિયાન સભ્ય પ્રિયંકા પટેલે નદીઓ દરિયાને મળે છે તેવા વિસ્તારોમાં નદીના પટ્ટા અત્યંત સાંકડા બની ગયા હોવાથી



વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થતો ન હોવાનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. નદીના કુદરતી વહેણમાં અવરોધ ઊભા થતાં ભારે વરસાદના સમયે આસપાસનાં ગામોમાં પૂરનું જોખમ વધતું હોવાની બાબતે તેમણે તંત્રનું ધ્યાન દોર્યું હતું.આ પ્રશ્નના જવાબમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મહેશ હળપતિએ જણાવ્યું હતું કે દેવધા ડેમથી દરિયા સુધીના નદીના પટ્ટનું ઉપગ્રહ આધારિત સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે. આગામી ચોમાસા દરમિયાન ફરીથી પૂર જેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અત્યારથી જ જરૂરી આયોજન અને પગલાં લેવામાં આવશે તેમ જણાવી ઉપપ્રમુખે સભ્યોને વિશ્વાસ અપાવ્યો હતો. તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાણીના નિકાલની વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવા તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે સંકલન જરૂરી હોવાનું પણ ચર્ચાયું હતું. સભામાં તાલુકા બાળ સુરક્ષા સમિતિની રચના અંગે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાળકોના હિત અને સુરક્ષાને લગતી બાબતોમાં જરૂરી સંકલન અને દેખરેખ માટે આ સમિતિ મહત્ત્વપૂર્ણ બની રહેશે.અંતમાં પ્રમુખ પુષ્પાબેન પટેલે ઉપસ્થિત તમામ સભ્યો અને અધિકારીઓને દિવાળીના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. સભામાં કારોબારી સમિતિના ચેરમેન પાર્થિવ નાયક, સતીષ કટારીયા, મનોજ પટેલ, પ્રતીક પટેલ, સીમા ટેંડેલ સહિત તાલુકા પંચાયતના તમામ સભ્યો, વિસ્તરણ અધિકારી વંદના બોરસીવાલા, હિના પટેલ તથા એટીડીઓ કેતન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. એકબીજાને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી સભાનું સમાપન કરવામાં આવ્યું હતું.

ધોલાઈ બંદર ખાતે સરકારી જમીન પરના ૩૪ દબાણો સ્વખર્ચે દૂર કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૦૬ : નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીનોને અનધિકૃત દબાણોથી મુક્ત કરાવવા માટે સઘન ઝુંબેશ તેજ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી તેમજ ગણદેવી મામલતદાર દીપિકા રોઝ દ્વારા ગણદેવી તાલુકાના બીલીમોરા નજીક આવેલા ધોલાઈ બંદર ખાતે સરકારી જમીન પર થયેલા ગેરકાયદે દબાણો સામે લાલ આંખ કરવામાં આવી હતી. આ અંતર્ગત સરકારી જમીન પચાવી પાડનારા અંદાજે ૩૪ જેટલા આસામીઓને મામલતદાર દ્વારા જમીન મહેસૂલ સંહિતાની કલમ-૬૧ હેઠળ ગત તા. ૨૯મી સપ્ટેમ્બર સહિત ઓક્ટોબર માસમાં તબક્કાવાર કુલ ચાર નોટિસો ફટકારી સ્વેચ્છાએ જમીન ખાલી કરવા આખરી તાકીદ કરાઈ હતી.

વહીવટી તંત્રના આ કડક અને મક્કમ વલણને પગલે દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો, જેના પરિણામે તમામ ૩૪ જેટલા દબાણકર્તાઓએ તંત્રની સંભવિત ડિમોલિશન કાર્યવાહી પૂર્વે જ પોતાના ખર્ચે અનધિકૃત બાંધકામો સ્વેચ્છાએ દૂર કરી લીધા હતાં. મંગળવારે પ્રાંત અધિકારી તથા મામલતદારે સ્થળ પર સંયુક્ત મુલાકાત લઈને દબાણો દૂર થયાની જાતતપાસ અને સ્થિતિની સમીક્ષા કરી હતી. સરકારી મિલકતોનું રક્ષણ થાય અને જાહેર હિત જળવાઈ રહે તે માટે આગામી દિવસોમાં પણ ગેરકાયદે દબાણો સામે આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે તેવો સ્પષ્ટ સંકેત તંત્ર દ્વારા આપવામાં આવ્યો છે.

દાંડી વિનય મંદિરમાં વાલી મિટિંગ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૦૬ : દાંડી ગામની ઐતિહાસિક હાઈસ્કુલ વિનય મંદિર દાંડી ખાતે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રાંત પરીક્ષાની ઉત્તરવહીઓના નિદર્શન તથા વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેળવણી મંડળ દાંડીના પ્રમુખ તથા ગાંધી એન્જિનિયરિંગ કોલેજના સંચાલક સુરેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓએ ઉત્સાહભેર હાજરી આપી પોતાના બાળકોની શૈક્ષણિક પ્રગતિ અને પરીક્ષાના પરિણામોનું અવલોકન કર્યું હતું. વાલીઓએ શિક્ષકો સાથે સીધો સંવાદ કરી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સ્થિતિ, અભ્યાસની પદ્ધતિ, પ્રગતિ તથા સુધારાની જરૂરિયાતો અંગે ચર્ચા કરી હતી.



આ પ્રસંગે સુરેશભાઈ પટેલે વાલીઓને સંબોધતાં જણાવ્યું હતું કે બાળકના સર્વાંગી વિકાસમાં શાળા અને પરિવાર બંનેની સહિયારી જવાબદારી છે. માત્ર પરીક્ષાના ગુણ જ નહીં, પરંતુ બાળકમાં સંસ્કાર, શિસ્ત, જવાબદારી અને જીવનલક્ષી કૌશલ્યોનો વિકાસ થાય તે પણ એટલું જ મહત્ત્વનું છે. વાલીઓએ બાળકોના અભ્યાસમાં રસ દાખવી શિક્ષકો સાથે સતત સંવાદ જાળવવો જોઈએ. શાળાના આચાર્યશ્રી ડૉ.યોગેશ ગોરાનેએ વાલીઓની બહોળી ઉપસ્થિતિ બદલ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે વાલી અને શાળા વચ્ચેનો સેતુ જેટલો મજબૂત હશે તેટલું વિદ્યાર્થીનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનશે. વાલીઓના સકારાત્મક પ્રતિસાદ અને સહભાગિતાથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ખેરગામ-ચીખલીમાં અધ્યતન પુસ્તકાલય બનશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા.૦૬ : નવસારી જિલ્લાના ત્રણ આદિવાસી તા.ના વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ઉત્તમ સુવિધા મળી રહે તેવા હેતુથી ચીખલી, ખેરગામ અને વાંસદા ખાતે ત્રણ આધુનિક-ભગવાન બિરસા મુંડા પુસ્તકાલય-નું નિર્માણ કરવામાં આવશે. જેની ખાતમુહૂર્ત વિધિ વાસદા ના ઘોડમાળ ખાતે ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા આદિવાસી વિકાસ મંત્રી નરેશ પટેલ દ્વારા મંગળવારે સવારે કરવામાં આવી. જેનાથી ત્રણેય તાલુકાના



આદિવાસી યુવાધનમાં ભણતર તરફનો ઉત્સાહ વધ્યો છે.

ચીખલી ખાતે રૂા.૭.૪૩ કરોડના ખર્ચે ૨૩૮ બેઠક ક્ષમતા ધરાવતી ભોંય તળિયુ બે માળનુ આધુનિક પુસ્તકાલય બનશે. જેમાં નીચે વરિષ્ઠ નાગરિકો માટે વાંચન સુવિધા અને ૧૫ હજાર પુસ્તકોના સંગ્રહની ક્ષમતા રહેશે. પ્રથમ માળે કન્યાઓ માટે વાંચન ખંડ અને ડિજિટલ લાઈબ્રેરી, જ્યારે બીજા માળે યુવકો માટે વાંચન હોલ, રેફરન્સ વિભાગ અને કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ કરાશે.

ખેરગામ ખાતે પણ રૂા.૭.૫૦ કરોડના ખર્ચે ૨૫૬૨ ચોરસ મીટર વિસ્તારમાં ૨૩૮ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી ભોંય તળિયું બે માળનું અધ્યતન પુસ્તકાલયનું નિર્માણ થશે. જેમાં વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ વાંચન ખંડ, હાઈટેક ડિજિટલ સેમિનાર રૂમ તથા અંદાજે ૨૨,૫૦૦ પુસ્તકોના સંગ્રહની સુવિધા ઊભી કરવામાં આવશે. આ જ પ્રમાણે વાસદા ખાતે પણ પુસ્તકાલયના મકાનનું નિર્માણ થશે.

ડાંગમાં વાઘબારસની ભક્તિભાવપૂર્વક ઉજવણી

સાપુતારા, તા. ૦૬ : ડાંગ જિલ્લામાં આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાના અનોખા સંગમ સમાન દિવાળી પર્વની શરૂઆત વાઘબારસના પવિત્ર તહેવારથી કરવામાં આવી હતી. આ -સંગે જિલ્લાના વિવિધ ગામોમાં ગ્રામદેવતા અને પ્રકૃતિની પૂજા-અર્ચના કરીને પરંપરાગત રીતિ-રિવાજ મુજબ વાઘબારસની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરાઈ હતી. જળ, જંગલ, જમીન અને વન્યજીવોની પૂજા કરવાની આદિકાળથી ચાલી આવતી પરંપરા આજે પણ ડાંગમાં જીવંત જોવા મળે છે, જે આદિવાસી સમાજની પ્રકૃતિ પ્રત્યેની ગાઢ આસ્થા અને વન્યજીવો સાથેના સહઅસ્તિત્વનો અદ્ભુત સંદેશ પાઠવે છે. વાઘબારસના આ પાવન અવસરે ગામના આગેવાનો, પાટીલ, કારભારી અને ભગતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ડાંગની વર્ષો જૂની પરંપરા મુજબ, પ્રકૃતિ અને કુદરતી સંપદાને પૂજ્યા બાદ જ કોઈપણ તહેવારની ઉજવણીની શરૂઆત કરવામાં આવે છે. આ ક્રમમાં વાઘદેવ,



નાગદેવ, મોર તેમજ જળ, જંગલ અને જમીનની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી.

વિશેષ કરીને જંગલમાં અવરજવર કરતા અને જંગલ વિસ્તારની આસપાસ વસવાટ કરતા ગ્રામજનોની સુરક્ષા હંમેશાં જળવાઈ રહે તથા વન્ય-પ્રાણીઓ અને પક્ષીઓના કારણે માનવજીવનને કોઈ પણ પ્રકારનું નુકસાન કે મુશ્કેલી ન પહોંચે, તેવી ભાવભીની પ્રાર્થના ગ્રામજનો દ્વારા વાઘદેવ સમક્ષ કરવામાં આવી હતી. આ પરંપરાગત પૂજાવિધિ દરમિયાન ગ્રામદેવતાને પરંપરાગત પદ્ધતિ મુજબ મરઘાંની બલી અર્પણ કરવામાં આવી હતી, ડાંગની આ અનોખી પરંપરા માત્ર ધાર્મિક આસ્થા પૂરતી સીમિત નથી, પરંતુ પ્રકૃતિ, વન્યજીવો અને માનવજીવન વચ્ચેના પવિત્ર સંબંધને પેઢી દર પેઢી જાળવી રાખતી આદિવાસી સંસ્કૃતિની એક આગવી ઓળખ બની રહી છે. આ પ્રકારે વાઘબારસની ભાવભીની પૂજા-અર્ચના સાથે ડાંગ જિલ્લામાં દિવાળીના મહાપર્વનો ભવ્ય અને પરંપરાગત પ્રારંભ થયો હતો.

વાંસદા શ્રી જલારામ બાપાના મંદિરે જલારામ જયંતી નિમિત્તે મીટીંગ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૦૬ : પૂજ્ય સંત શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતી પ્રસંગે જલારામ બાપાના મંદિરે આગોતરા મીટીંગ રાખવામાં આવી હતી. મિટિંગમાં જલારામ બાપાની જન્મ જયંતી તારીખ ૧૬.૧૧.૨૦૨૬ના રોજ ધામધૂમથી ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેમાં મંદિરના પ્રમુખ નટુકાકા, મંત્રી ભૂપેનકાકા મંદિરના ટ્રસ્ટીઓ, નગરના સરપંચ ગુલાબભાઈ, મુકુંદકાકા, વિરલકાકા, રાકેશભાઈ, પથ્થુમનકાકા, મુકેશકાકા, ભરતકાકા, ચાવડાકાકા, મયુરકાકા તેમજ નગર શ્રેષ્ઠી હાજર રહ્યા હતાં. તમામે પોતાની યથા શક્તિ પ્રમાણે દાન નોંધાવી પૂજ્ય બાપાની જન્મ જયંતી ધામ ધૂમથી ઉજવાય એવી આયોજન કર્યું. અંતે મંત્રી ભૂપેન કાકા એ તમામ દાતા તથા પધારેલ મહાનુભાવોના આભાર વ્યક્ત કરી જલારામ જયંતીમાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું હતું.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૦૭-૧૧-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** કારતક વદ ચૌદસ, **સૂર્યોદય :** ૦૬ : ૫૨ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૪, **ચંદ્રોદય** - ૦૪:૫૨ **ચંદ્રાસ્ત** - ૦૪:૩૧ **ચંદ્ર રાશિ :** કન્યા, **નક્ષત્ર** - ચિત્રા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : વેપારના ક્ષેત્રમાં મોટો આર્થિક લાભ થવાની સંભાવના છે અને ભાગીદારીમાં નવો બિઝનેસ શરૂ કરવા માટે સારો સમય છે.

વૃષભ (બ, વ, ઉ) : આજનો દિવસ મગજમાં નવા આઈડિયા અને યોજનાઓ લઈને આવશે. કોઈ મિત્ર કે પરિચિત વ્યક્તિ તમારા અટકેલા કાર્યોમાં મદદરૂપ સાબિત થઈ શકે છે.

મિથુન (ક, ઘ, ચ) : આજે કામનું દબાણ થોડું વધારે રહી શકે છે, પરંતુ તમે તમારી કુશળતાથી બધું સંભાળી લેશો. નોકરીમાં તમારી સ્થિતિ મજબૂત રહેશે અને તમે કરેલી મહેનતનું યોગ્ય ફળ મળશે.

કર્ક (ડ, હ) : ભાગ્યનો પૂરો સાથ મળવાથી લાંબા સમયથી અટકેલા કાર્યોમાં ઝડપ આવશે. પારિવારિક જીવનમાં ખુશીનું વાતાવરણ રહેશે અને પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો.

સિંહ (મ, ટ) : આજનો દિવસ થોડો મિશ્ર સાબિત થઈ શકે છે. મનમાં જૂની વાતો અથવા ભૂતકાળની ઘટનાઓ આવવાના કારણે મન થોડું ભારે કે બેચેન રહી શકે છે.

કન્યા (પ, ઠ, ણ) : જો તમે કોઈ પૈતૃક વ્યવસાય (પરંપરાગત બિઝનેસ) સાથે જોડાયેલા હોવ તો તેમાં મોટો નફો થવાની સંભાવના છે.

તુલા (ર, ત) : તમારી વિચારસરણી સંતુલિત રહેશે અને સમાજમાં તમારો -ભાવ વધશે. વ્યવસાયિક બાબતોમાં કોઈ મોટો નિર્ણય લેવા માટે સાંજ પછીનો સમય સાનુકૂળ રહેશે.

વૃશ્ચિક (ન, ય) : તમે ભૂતકાળમાં જે મહેનત કરી હતી તેનું સકારાત્મક પરિણામ હવે જોવા મળી શકે છે. પરિવારના સભ્યોનો પૂરો સહયોગ મળશે અને ઘરને લગતું કોઈ મહત્વપૂર્ણ કામ પૂરું થઈ શકે છે.

ધન (ભ, ધ, ફ, ઢ) : નોકરી કરતા લોકોને પ્રમોશન (પદોન્નતિ) અથવા પગાર વધારાના સારા સમાચાર મળી શકે છે. આર્થિક દ્રષ્ટિએ તમે પહેલા કરતાં વધુ મજબૂત બનશો. જૂના અટકેલા કામો પૂર્ણ થતાં રાહત અનુભવાશે.

મકર (ખ, જ) : આજે આત્મવિશ્વાસ ભરપૂર જોવા મળશે. કાર્યસ્થળે તમારી વાતો અને સૂચનોને મહત્વ આપવામાં આવશે અને બોસ કે વરિષ્ઠ અધિકારીઓનો સહયોગ મળશે. સમાજ કે ઓફિસમાં તમારી એક નવી ઓળખ ઉભી થશે.

કુંભ (ગ, સ, શ, ષ) : વિવાહિત જીવનમાં એકબીજા પ્રત્યેનો સહયોગ અને પ્રેમ વધશે. જો ઉચ્ચ અધિકારીઓ સાથે કોઈ અણબનાવ કે મતભેદ ચાલતા હોય, તો તેને દૂર કરવા માટે આજનો દિવસ ઘણો સારો છે.

મીન (દ, ચ, થ, ઝ) : આજે કોઈપણ નિર્ણય ખૂબ જ ધૈર્યપૂર્વક અને શાંતિથી લેવો પડશે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

શનિવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૨૫

	7	3	5	6	9	1	4	
5								6
			2		1			
		2	9		6	5		
	8						9	
		4	1		5	7		
			8		4			
2								9
	5	6	7	9	2	3	1	

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૨૪નો ઉકેલ

4	7	1	5	8	6	9	2	3
3	5	9	1	2	7	6	4	8
6	2	8	9	3	4	1	5	7
9	6	2	3	4	5	8	7	1
7	4	3	2	1	8	5	9	6
8	1	5	7	6	9	4	3	2
1	9	4	6	7	2	3	8	5
2	8	6	4	5	3	7	1	9
5	3	7	8	9	1	2	6	4

કોસમાં 'ધોડિયા ભાષા દિવસ' ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૬ : કોસ, તા. અંબિકા ધોડીઆ ભાષા સમિતિ, કોસ દ્વારા ૩ નવેમ્બરના રોજ કોસ તા. અંબિકા ખાતે 'ધોડીઆ ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ધોડીઆ આદિવાસી સમાજની જન્મભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને પરંપરાના જતન તથા સંવર્ધનના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં સમાજના અગ્રણી આગેવાનો, સાહિત્યકારો, શિક્ષણવિદો, નિવૃત્ત અધિકારીઓ અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત 'ખત્રાં' પૂજન સાથે થઈ હતી. કાર્યક્રમમાં સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજ્યના પ્રમુખ ડૉ. પ્રદીપભાઈ ગરાસિયા, ભારતીય આદિવાસી ધોડીઆ સમાજ ઉત્કર્ષ સંગઠનના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, સમસ્ત ધોડીઆ સમાજના મહામંત્રી લાલજીભાઈ પટેલ, નિવૃત્ત કલેક્ટર એલ.સી. પટેલ, અગ્રણી સમાજશાસ્ત્રી પ્રો. ડૉ. ઝવેરભાઈ સી. પટેલ, ધોડીઆ સંસ્કૃતિના લેખક ડૉ. એ.જી. પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ધના-રૂપા થાનક, ચિતાલીના પ્રમુખ ભરતભાઈ પટેલ, સમસ્ત ધોડીઆ સમાજના માજી મહામંત્રી કપિલભાઈ પટેલ, નિવૃત્ત સચિવ ઠાકોરભાઈ પટેલ, સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના રિટાયર્ડ બાલુભાઈ કે. પટેલ, ઓ.એન.જી.સી.ના નિવૃત્ત એન્જિનિયર રવિન્દ્રભાઈ પટેલ, આઈ.ટી.આઈ.ના આસિસ્ટન્ટ એડવાઈઝર અશોકભાઈ પટેલ, ધોડીઆ સાહિત્યના લેખક અરવિંદભાઈ પટેલ (ધોધડકુવા), જયેશભાઈ પટેલ (ધરમપુર), ડૉ. સત્યેન પટેલ (સી.એચ.સી. લીમઝર) તેમજ નિરાધાર વૃદ્ધાશ્રમ, પાંચકાકડા-અનાવલના ઠાકોરભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ ઉપસ્થિતિ નોંધાવી હતી. ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત-સન્માન ધોડીઆ ભાષા-સાહિત્યને લગતાં પુસ્તકો આપીને કરાયું હતું. આ પ્રસંગને અનુરૂપ મહેમાનોએ વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના સાંસ્કૃતિક ભાગરૂપે ધોબીના ભાષામાં 'જાગતે તુમીં રજા રા' ગીતની વિશેષ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ગીતને ગાયક ચિરાગ પટેલે સ્વર આપ્યો હતો, જ્યારે સંગીતકાર મોન્ટુ પટેલે સંગીતબદ્ધ કર્યું હતું., ગીતના રચનાકાર કુલીન પટેલ હતા. કાર્યક્રમ સમાપન ટાણે રાષ્ટ્ર ગાન 'જન ગણ મન'ની પિયાનો પર સુંદર પ્રસ્તુતિ દ્રિશ્યા પટેલ (ખરવાણ) દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમ બાદ ધોડીઆ આદિવાસી લોકસંસ્કૃતિની આગવી ઓળખ સમાન પરંપરાગત 'તુર નૃત્ય'ની પ્રસ્તુતિ ધોડીઆ આદિવાસી નૃત્ય મંડળ, સિણધઈ-રાજમલા દ્વારા કરવામાં આવી હતી. લોકવાદ્ય અને લોકનૃત્યની આ પ્રસ્તુતિએ ઉપસ્થિતોમાં આદિવાસી સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની લાગણી જગાવી હતી.

ધોડીઆ ભાષા સમિતિ, કોસ દ્વારા આયોજિત આ ઉજવણીનો મુખ્ય આશય નવી પેઢીને પોતાની જન્મભાષા સાથે જોડવી અને ભાષા, લોકસાહિત્ય, લોકકલા તથા સાંસ્કૃતિક વારસાના જતન માટે સામૂહિક જાગૃતિ ઊભી કરવાનો રહ્યો હતો. ધોડીઆ ભાષાના ગૌરવ અને અસ્મિતાને ઉજાગર કરતી આ ઉજવણી ભાષા સંવર્ધનની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલ બની રહી હતી.

દમણમાં પ્રશાસકના નિવાસસ્થાને દિપાવલી સ્નેહમિલન યોજાયું

દસ વર્ષમાં સામાન્ય નાગરિકોનો ભય દૂર થયો છે, આત્મવિશ્વાસ વધ્યો છે અને લોકશાહી વ્યવસ્થા વધુ મજબૂત બની છે : પ્રશાસક પ્રફુલભાઈ પટેલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૬ : દિવાળીના શુભ અવસર પર, પ્રશાસકના નિવાસસ્થાને દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલે ઉપસ્થિત અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, રાજકીય પ્રતિનિધિઓ અને મીડિયા કર્મચારીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.



પ્રશાસક પ્રફુલ્લ પટેલે જણાવ્યું હતું કે દિવાળી સ્નેહ મિલન છેલ્લા સતત ૧૦ વર્ષથી યોજાઈ રહ્યું છે. આવા કાર્યક્રમો સમાજના વિવિધ વર્ગોને એકસાથે આવવા, વિચારોનું આદાન-પ્રદાન કરવા અને પરસ્પર પ્રેમ અને સંવાદિતાને મજબૂત બનાવવાની તક પૂરી પાડે છે. છેલ્લા દસ વર્ષમાં થયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે રાજ્યમાં વિકાસની અદ્ભુત સફર જોવા મળી છે, જે દરેક માટે ગર્વની વાત છે. આ સમયગાળા દરમિયાન, માત્ર ભૌતિક વિકાસ જ થયો નથી, પરંતુ લોકોના વિચાર અને માનસિકતામાં પણ નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

૨૦૧૬નું ઉદાહરણ આપતાં, પ્રશાસકે કહ્યું કે તે સમયે સામાન્ય નાગરિકો કલેક્ટર અને પોલીસ અધિક્ષકનો સંપર્ક કરવામાં પણ ખચકાટ અનુભવતા હતા. આજે, સેલવાસના આદિવાસી નાગરિક ભય વિના વિશ્વાસપૂર્વક કલેક્ટર અને પોલીસ અધિક્ષકનો સંપર્ક કરી શકે છે અને પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. તેમણે કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં સૌથી મહત્વપૂર્ણ પરિવર્તન એ છે કે સામાન્ય લોકોના મનમાંથી ભય દૂર થાય અને તેમના અધિકારોમાં વિશ્વાસ જગાડવામાં આવે. તેમણે કહ્યું કે લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવામાં સફળતા મળી છે. આજે સામાન્ય લોકો પણ મુક્તપણે પોતાના અધિકારો માટે ઉભા થઈ શકે છે અને વહીવટીતંત્ર સમક્ષ પોતાની સમસ્યાઓ રજૂ કરી શકે છે. આ વાસ્તવિક પરિવર્તન અને વિકાસની ઓળખ છે. આ પ્રસંગે તેમણે દિવાળીના બીજા દિવસથી ગુજરાતમાં શરૂ થતા નવા વર્ષનો પણ ઉલ્લેખ કર્યો અને સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી. આ કાર્યક્રમમાં વહીવટી અને પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, રાજકીય પ્રતિનિધિઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મીડિયા કર્મચારીઓ હાજર રહ્યા હતા. બધાએ દિવાળીની શુભેચ્છાઓ આપી અને પ્રેમ અને સંવાદિતા સાથે તહેવારની ઉજવણી કરી.

વાપી ફેલોશિપ મિશન દ્વારા ગ્રીન દિવાળીની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૦૬ : ફેલોશિપ મિશન સ્કૂલ, વાપીએ ખૂબ જ ઉત્સાહ અને ઉત્સાહ સાથે દિવાળીની ઉજવણી કરી, જેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને પ્રતિષ્ઠિત મહેમાનોને શાળાના ઓડિટોરિયમમાં રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ભેગા કરવામાં આવ્યા હતાં.

આ ઉજવણીમાં વાપીના જાણીતા ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર શ્રી દર્શન અને વાપીના અગ્રણી બિલ્ડર અને ઉદ્યોગપતિ નિગમ દેસાઈએ ખાસ મહેમાનો તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત રામજીના શુભ સ્વાગતથી થઈ, ત્યારબાદ પરંપરાગત દીપપ્રાગટ્ય સમારોહ યોજાયો. શાળાના ઓડિટોરિયમ રંગબેરંગી પ્રદર્શનથી જીવંત બન્યું, જેમાં યુવા વિદ્યાર્થીઓએ સ્વાગત નૃત્ય, રામાયણ ટેબ્લો, દેવી દુર્ગાના ત્રણ અવતાર દર્શાવતી દૈવી શક્તિ, રામાયણ નૃત્ય નાટક, પરંપરાગત ગરબા અને જીવંત દિવાળી નૃત્યો દ્વારા પોતાની પ્રતિભા દર્શાવી. ઉજવણીનું મુખ્ય આકર્ષણ રોશની સોચ કી - દિવાળીનો સાચો આત્મો હતું, જે શાંતિપૂર્ણ અને પર્યાવરણને અનુકૂળ દિવાળીને પ્રોત્સાહન આપતી વિચાર-પ્રેરક પ્રસ્તુતિ હતી. વિદ્યાર્થીઓએ તેમના પ્રદર્શન દ્વારા ફટાકડાના હાનિકારક પ્રભાવોથી પ્રાણીઓનું રક્ષણ કરવા, અવાજ અને વાયુ પ્રદૂષણ ઘટાડવા, પ્રકૃતિનું સંરક્ષણ કરવા અને ધરતી માતા પ્રત્યે જવાબદારી દર્શાવવા વિશે એક શક્તિશાળી સંદેશ આપ્યો. આ ઉજવણી સાંસ્કૃતિક પરંપરાઓને અર્થપૂર્ણ શિક્ષણ અને સામાજિક જાગૃતિ સાથે જોડવાની શાળાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. મેનેજિંગ ડિરેક્ટર સી. વી. મેથ્યુ, ડિરેક્ટર જુલી મેથ્યુ અને પ્રિન્સિપાલ સંદીપકુમાર મરહટ્ટાના માર્ગદર્શન હેઠળ, કાર્યક્રમે વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને સાંસ્કૃતિક મૂલ્યો પ્રદર્શિત કરવાની તક પૂરી પાડી. વિદ્યાર્થીઓની ઉત્સાહી ભાગીદારી અને વાલીઓની પ્રોત્સાહક હાજરીએ ઉત્સવના વાતાવરણમાં વધારો કર્યો. કાર્યક્રમ આભારવિધિ સાથે સમાપ્ત થયો, જેમાં સંદેશ આપવામાં આવ્યો કે દિવાળીનો સાચો સાર ખુશીઓ વહેંચવામાં, દયા ફેલાવવામાં અને જવાબદારીપૂર્વક ઉજવણી કરવામાં રહેલો છે. આ ઉજવણીમાં ફેલોશિપ મિશન સ્કૂલની સર્વાંગી શિક્ષણ, સાંસ્કૃતિક જાગૃતિ અને પર્યાવરણીય જવાબદારી પ્રત્યેની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડવામાં આવ્યો, જે વિદ્યાર્થીઓને વિચારશીલ અને જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરણા આપે છે.

ડુંગરી ધોડિયા સમાજનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૬ : પારડી ડુંગરી ધોડિયા પટેલ સમાજ માટે ગૌરવ અને આનંદની ક્ષણ છે કે સમાજના પ્રતિભાશાળી યુવાન પટેલ ભૂપતભાઈ ધીરુભાઈએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાંથી પીએચ.ડી. (ડૉક્ટરેટ)ની ઉચ્ચ શૈક્ષણિક પદવી પ્રાપ્ત કરી છે. ભૂપતભાઈ ધીરુભાઈ પટેલ હાલ શ્રી વડાલી કેળવણી મંડળ સંચાલિત શેઠ શ્રી બી. સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલી ખાતે અધ્યાપક તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમણે પોતાના સંશોધન કાર્ય દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ સંશોધન કાર્યમાં તેમને માર્ગદર્શક તરીકે કોલેજના આચાર્ય ડૉ. એન. આર. પટેલનું મૂલ્યવાન માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. તેમની આ સિદ્ધિથી પારડી ડુંગરી ધોડિયા પટેલ સમાજ તેમજ પરિવારજનોમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. તેમની આ સફળતા સમાજના યુવાનો અને વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.ભૂપતભાઈ પટેલની આ શૈક્ષણિક સિદ્ધિ બદલ પરિવારજનો, એહીજનો, શિક્ષણજગતના અગ્રણીઓ અને સમાજના આગેવાનોએ હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ વ્યક્ત કરી છે.

વલસાડની પુસ્તક પરબના ૫૬મા મણકામાં ૫૫૬ પુસ્તકોને વાંચકો મળ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૬ : દર મહિનાના પ્રથમ રવિવારે વલસાડ શહેરમાં સર્કિટ હાઉસની બાજુમાં તથા અબ્રામા ખાતે કોમા સેન્ટરની બહાર એમ બે જાહેર સ્થળોએ નિયમિત યોજાતું 'પુસ્તક પરબ, વલસાડ' નવેમ્બર મહિનાના પ્રથમ રવિવારે ૫૬મા મણકા સાથે સફળતાપૂર્વક યોજાયું. પ્રોજેક્ટ ચેરપર્સન ડૉ. આશા ગોહિલ, હાર્દિક પટેલ તથા પુસ્તક પરબની સમગ્ર ટીમના સુચારુ આયોજનથી યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ ૫૫૬ પુસ્તકો વાચકો વાંચવા માટે લઈ ગયા. આજના પુસ્તક પરબમાં રજનીશ ગૌતમ, ઉન્નતિ દવે, ગીતા પટેલ, પ્રકાશ દવે, સાગર પટેલ, વિમલ પટેલ, મનોજ નાયક, કેતનસિંહ દેસાઈ, ચેતના પટેલ, ભૂમિકા પરમાર, યશવંત પાઠક, અલ્પા પટેલ, નંદિની, ભરત માંગુકિયા, જૈમીની ભટ્ટ, પ્રીતમ, દિલીપભાઈ પારેખ, પાયલ યાજ્ઞિક, માનસી શાહ, જગદીશ ભાનુશાલી, આર્યન મહેતા, અનિલ યાદવ, મીતાંગ રાવલ, દેવેન્દ્ર દેસાઈ, શિવાની માવાણી, મમતા દેસાઈ, ચંદ્રિકા પટેલ, સંજય દેસાઈ, દેવપાલ, કેવિન કંથારીયા, રમેશ ચાંપાનેરી, પરેશભાઈ ટંડેલ, હેમંત બલસારા, ભાવીની અખાની, રમા દેસાઈ, દીપિકા શાહ, એલિન સોલંકી, ડૉ. શિવાની આચાર્ય, પ્રકાશ પટેલ, રેખા મોરે, સુધા પટેલ, હિમાદ્રી પટેલ, શીતલ પંચાલ, જયેશ ખત્રી, નીલીમા ભાવસાર, અશોક દેસાઈ, જયેશ પારેખ, વિમલ રાજપૂત, રુચિકા સાગર, દક્ષા પ્રજાપતિ, સબીર માછી સહિત અનેક વાચકોએ મુલાકાત લીધી. પુસ્તકોના માધ્યમથી સમાજમાં વાંચનસંસ્કૃતિનું સંવર્ધન થાય. પુસ્તકોથી માણસ અને માણસથી સમાજ જોડવાની આ નાનકડી પરંતુ અર્થપૂર્ણ યાત્રા સૌના સાથ સહકારથી ચાલુ રહેશે એવું જરૂર કહી શકાય.

ગત વર્ષ કરતાં વધુ લોકોની ભીડ

વાપીના સ્વદેશી મેળાને અભૂતપૂર્વ પ્રતિસાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૬ : વાપીના ચલા અજીતનગર મેદાન ખાતે આયોજિત સ્વદેશી મેળાને આ વર્ષે ગત વર્ષ કરતાં પણ વધુ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મેળો પૂર્ણ થવામાં હવે માત્ર બે દિવસ બાકી રહ્યા છે ત્યારે મોટી સંખ્યામાં લોકો ખરીદી અને મેળાની મુલાકાત માટે ઉમટી રહ્યા છે. વાપી મહાનગરપાલિકા અને શહેરી આજીવિકા મિશનના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી આ સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળામાં વિવિધ સ્વસહાય જૂથો અને વેપારીઓ દ્વારા સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સહિત વિવિધ પ્રકારની સ્વદેશી વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે.મેળામાં ખરીદદારોની સતત વધતી ભીડને પગલે સ્ટોલધારક વેપારીઓ અને આયોજકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સવારે ૧૧થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રહેતા આ મેળામાં પરિવાર સાથે લોકો ખરીદી અને મનોરંજનનો આનંદ માણી રહ્યા છે. મેળાના ઉદ્ઘાટન બાદ રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ સહિત રાજકીય આગેવાનો અને અગ્રણીઓએ પણ મુલાકાત લીધી હતી. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મળી રહેલા વધુ પ્રતિસાદને પગલે સ્વદેશી મેળો વાપીના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

નાની તંબાડી પ્રા. શાળામાં 'એકલવ્ય હોલ'નું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૬ : નાની તંબાડી ગામની પ્રાથમિક શાળામાં નવનિર્મિત 'એકલવ્ય હોલ'નું આજે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લાંબા સમયથી આ હોલના નિર્માણ માટે ચાલી રહેલા પ્રયાસો આખરે સાકાર થતાં શાળા અને સમગ્ર ગામ માટે એક નવી સુવિધાનો ઉમેરો થયો છે. આ હોલ શાળાના વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત ગ્રામજનોના સામાજિક, શૈક્ષણિક અને સામૂહિક કાર્યક્રમો માટે પણ ઉપયોગી બની રહેશે.આ હોલનું નિર્માણ કોઈ એક વ્યક્તિના નહીં, પરંતુ ગામના આગેવાનો, ગ્રામજનો અને સેવાભાવી દાતાઓના સહિયારા પ્રયાસો અને યોગદાનનું પરિણામ છે. ગ્રામ પંચાયતના સરપંચ ચંદ્રસિંહ ચંદ્રકાંત પટેલ (ભાયલુભાઈ પટેલ)ના દિશાનિર્દેશ અને માર્ગદર્શન હેઠળ સૌના સહયોગથી આ સ્વપ્ન હકીકતમાં પરિવર્તિત થયું છે.

આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ ભાયલુભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'એકલવ્ય હોલ'નું નિર્માણ અનેક લોકોની મહેનત, સહયોગ અને યોગદાનથી શક્ય બન્યું છે. આ હોલ સાકાર કરવામાં સૌનો સહિયારો ફાળો રહ્યો છે. આ સાથે ગામમાં પ્રાથમિક શાળાના મકાન સહિત વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યાં છે અને ગ્રામજનો માટે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

ગામના સર્વાંગી વિકાસમાં સરકારનો પણ મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. સરકારના સહયોગ અને ગ્રામજનોની સહભાગિતાથી ગામ વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, આ એકલવ્ય હોલના નિર્માણ પાછળ અંદાજે રૂ. ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ હોલમાં એકસાથે અંદાજે ૩૦૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે, જે શાળા તેમજ ગામના વિવિધ કાર્યક્રમો માટે ઉપયોગી સાબિત થશે. આ હોલના નિર્માણમાં આર્થિક તેમજ સેવાકીય યોગદાન આપનાર અજયભાઈ જયંતીલાલ શાહ, નવીન માંઘ્વંશી, નિલેશ પ્રજાપતિ, પ્રવીણ પ્રજાપતિ, વિજય પ્રજાપતિ અને વિપુલ પ્રજાપતિનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

આ ઉપરાંત ગ્રામ પંચાયતના સરપંચ ચંદ્રસિંહ ચંદ્રકાંત પટેલ ઉર્ફે ભાયલુભાઈ, પંચાયતના સભ્ય કિરણભાઈ પટેલ, ધીરુભાઈ મહાવ્યવંશી, શંકર પટેલ, ગણેશ પટેલ, ભારતીબેન હરીશભાઈ પટેલ અને હસુબેન સતિષભાઈ પટેલે પણ આ કાર્યમાં સહયોગ આપ્યો હતો.

વાપીની હાર્દિક જોશી કરાટે એકેડેમીના ૧૯ વિદ્યાર્થીઓને બ્લેક બેલ્ટ મળ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૦૬ : હાર્દિક જોશી કરાટે એકેડેમીના ૧૯ વિદ્યાર્થીઓએ પ્રતિષ્ઠિત બ્લેક બેલ્ટ પ્રાપ્ત કરી કરાટે ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિમાં વિશેષ ગૌરવની વાત એ છે કે બ્લેક બેલ્ટ મેળવનારા ૧૯ વિદ્યાર્થીઓમાં ૧૦ દીકરીઓનો સમાવેશ થાય છે. આ સિદ્ધિ મહિલા સશક્તિકરણ, આત્મરક્ષા અને દીકરીઓની આત્મનિર્ભરતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે.

આ સફળતા પાછળ કરાટે ક્ષેત્રે ૩૫ વર્ષથી સમર્પિત સેવા આપનાર 7th Dan બ્લેક બેલ્ટ ધારક હાર્દિક જોશીનું માર્ગદર્શન રહેલું છે. તેમણે પોતાના જીવનનાં ૩૫ વર્ષ કરાટે કળાના પ્રચાર-પ્રસાર, તાલીમ અને નવી પેઢીના ઘડતરમાં સમર્પિત કર્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં આશરે ૫૭૦ વિદ્યાર્થીઓ બ્લેક બેલ્ટ પ્રાપ્ત કરી ચૂક્યા છે. તેમની કરાટે એકેડેમી છેલ્લા ૩૧ વર્ષથી વિદ્યાર્થીઓને શિસ્ત, આત્મવિશ્વાસ, સાહસ અને આત્મરક્ષાની તાલીમ આપી રહી છે. બ્લેક બેલ્ટ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટે આ પ્રસંગ વર્ષોની મહેનત, કઠોર તાલીમ, નિયમિત અભ્યાસ અને સમર્પણનું પરિણામ બની રહ્યો હતો. વિદ્યાર્થીઓના ચહેરા પર સિદ્ધિનો આનંદ જોવા મળ્યો હતો, જ્યારે વાલીઓએ પણ પોતાના સંતાનોની સફળતા પર ગૌરવની લાગણી અનુભવી હતી.

આજના સમયમાં બાળકો અને યુવાનો માટે શારીરિક તંદુરસ્તી, માનસિક મજબૂતી અને આત્મરક્ષા અત્યંત જરૂરી બની છે. ત્યારે હાર્દિક જોશી કરાટે એકેડેમી દ્વારા દીકરીઓ સહિત નવી પેઢીને આત્મરક્ષા માટે સક્ષમ બનાવવાનું કાર્ય નોંધપાત્ર છે.

એક બ્લેક બેલ્ટ મેળવવો એ સિદ્ધિ છે, પરંતુ ૫૭૦ બ્લેક બેલ્ટ ધારકો તૈયાર કરવા એ એક વિરાસત સમાન છે. હાર્દિક જોશીની ૩૫ વર્ષની સાધના અને ૩૧ વર્ષની સંસ્થાકીય સફર અનેક યુવાનો અને દીકરીઓને શિસ્ત, સાહસ, આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધવાની પ્રેરણા પૂરી પાડી રહી છે.

સરીગામ રોટરી ક્લબ દ્વારા અનાથ બાળકોને જીવનજરૂરી કિટનું વિતરણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૦૬ : રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા માંડા પ્રાથમિક શાળા ખાતે અનાથ બાળકો માટે સેવાભાવી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલ ૬૫ બાળકોને જીવનજરૂરી કિટ સાથે મીઠાઈ તથા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ સેવાકીય કાર્યને સફળ બનાવવા માટે રોટરી ક્લબના તમામ દાતાઓનો સેક્રેટરી રો.જૈવીક પટેલે વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. ખાસ કરીને ક્લબ પ્રમુખ રેશ્મા રાવના ભાઈ શ્રી રાજા રાવ દ્વારા દરેક દીકરી અને દીકરા માટે ચારથી વધુ જોડી કપડાંનું ઉદારતાપૂર્વક દાન આપવામાં આવ્યું હતું. તેમના આ સેવાભાવી યોગદાનની ઉપસ્થિત સૌએ પ્રશંસા કરી હતી.કાર્યક્રમમાં ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધારવા બદલ રાજુભાઈ, જે.બી. પટેલ, ભરતભાઈ જાની, મૌલિકભાઈ અને સુભાષભાઈનો પણ વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સેવા, સહકાર અને સંવેદનાની ભાવના સાથે રોટરી ક્લબ ઓફ સરીગામ સમાજસેવાના કાર્યોમાં સતત કાર્યરત છે.



હરમુખ અને ગંગબલનું પવિત્ર તીર્થક્ષેત્ર

હરમુખ - ગંગબલ


હરમુખ અને ગંગબલનું પવિત્ર તીર્થક્ષેત્ર કાશ્મીરના ઊંચા પર્વતીય પ્રદેશોમાં, કાશ્મીરના કૈલાસ તરીકે ઓળખાતા પવિત્ર હરમુખ પર્વતની છાયામાં ગંગબલ સરોવર આવેલું છે. કાશ્મીરી પંડિત પરંપરા સાથે સંકળાયેલાં સૌથી પવિત્ર સ્થળોમાં તેનું વિશેષ સ્થાન છે. પેઢીઓથી ગંગબલને પિતૃઓની સ્મૃતિમાં શ્રાદ્ધ અને અન્ય ધાર્મિક વિધિઓ કરવા માટેના મહત્ત્વપૂર્ણ તીર્થસ્થાન તરીકે માનવામાં આવે છે. આ પવિત્ર સરોવરની યાત્રા માત્ર એક ભૌગોલિક સ્થળેથી બીજા સ્થળ સુધી પહોંચવાની મુસાફરી નહોતી. તે પર્વતો, લીલાં ઘાસનાં મેદાનો, ઝરણાં, સરોવરો અને પવિત્ર સ્થળોમાંથી પસાર થતી એક કઠિન આધ્યાત્મિક યાત્રા હતી. આ માર્ગના દરેક સ્થળ સાથે પોતાની આગવી સ્મૃતિ અને લોકકથા જોડાયેલી હતી. આજે ગંગબલ પહોંચવાના માર્ગો પહેલાં કરતાં વધુ સુલભ બન્યા છે. પરંતુ શ્રીનગરથી વિચરનાગ, નુનાર અને વુસન થઈને જતો જૂનો તીર્થમાર્ગ એક અદ્ભુત સાંસ્કૃતિક સ્મૃતિ ધરાવે છે, જેનું દસ્તાવેજીકરણ થવું જરૂરી છે.

પરંપરાગત યાત્રામાર્ગ

વડીલો પાસેથી મળેલી સ્મૃતિઓ અનુસાર, અગાઉના સમયમાં યાત્રાળુઓ પગપાળા નીચેના માર્ગે જતા હતા.

શ્રીનગર વિચરનાગ નુનાર વુસન નુનારને એક મહત્ત્વપૂર્ણ વિશ્રામસ્થાન તરીકે યાદ કરવામાં આવે છે, જ્યાંથી યાત્રાળુઓ આગળ વુસન તરફ પ્રયાણ કરતા હતા. સમય જતાં બસો દ્વારા યાત્રાળુઓને વુસન સુધી લઈ જવાની શરૂઆત થઈ. ત્યારબાદ યાત્રાનો મુશ્કેલ ભાગ પગપાળા જ પૂર્ણ કરવો પડતો હતો. આ યાત્રામાર્ગ ઘાસનાં મેદાનો, ગુજ્જર વસાહતો, પર્વતીય ઘાટીઓ, ઝરણાં, દેવસ્થાનો અને ઊંચાઈ પર આવેલા સરોવરોમાંથી પસાર થતો હતો. આ માર્ગમાં અત્યંત ઊભી ચઢાઈઓ આવતી હતી અને મૌખિક વર્ણનો અનુસાર ૪,૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા બે મુખ્ય પર્વતીય ઘાટ પાર કરવા પડતા હતા.

પ્રાચીન યાત્રામાર્ગનાં પવિત્ર પડાવ



૧. ક્રાંક નદી (Krank Nadi)

વુસનથી થોડું ઉપર ક્રાંક નદી નામનો એક નાનો જળપ્રવાહ આવેલો છે. સ્થાનિક પરંપરા અનુસાર આ નદીનું વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ છે. જે લોકો સંપૂર્ણ ગંગબલ યાત્રા કરી શકતા નહોતા, તેઓ અહીં શ્રાદ્ધવિધિ કરી શકતા હતા. મૌખિક માન્યતા અનુસાર ક્રાંક નદીના જળમાં ગંગબલના પવિત્ર જળ સમાન ધાર્મિક પુણ્ય રહેલું છે. આ જળપ્રવાહને લુપ્ત થઈ ગયેલા બ્રહ્મસર સરોવરના જળ સાથે જોડતી એક રસ-દ પરંપરા પણ પ્રચલિત છે.

૨. રેઇમ્પ અંગણ (Reimp Anghan)

આગળનો માર્ગ રેઇમ્પ અંગણ નામના એક નાના ઘાસના મેદાન તરફ જાય છે. આ સ્થળ યાત્રાળુઓના પ્રારંભિક રાત્રિ-વિશ્રામ અને પડાવ તરીકે યાદ કરવામાં આવે છે. પર્વતોની અંદર વધુ આગળ વધતાં પહેલાં યાત્રાળુઓ અહીં થોડો આરામ કરતા હતા.

૩. રામરાધન (Ramradhan)

વુસનથી આશરે ૫ કિલોમીટરના અંતરે, એકત્રિત કરેલી મૌખિક માહિતી અનુસાર, રામરાધન આવેલું છે. આ સ્થળને આ યાત્રામાર્ગના પ્રથમ મોટા ધાર્મિક કેન્દ્ર તરીકે યાદ કરવામાં આવે છે. અહીંથી યાત્રાળુઓની આગળની યાત્રા યમહેર તરફ ચાલુ રહેતી હતી. ૪. યમહેર (Yamhear) – યમરાજની સીડી રામરાધનથી આશરે ૬ કિલોમીટર આગળ યમહેર આવેલું છે.

આ વિસ્તાર તેની સીડી જેવી અત્યંત ઊભી ચઢાઈ માટે જાણીતો હતો. પરંપરાગત રીતે આ ચઢાઈને મૃત્યુના દેવતા યમરાજ સાથે જોડવામાં આવે છે. આ મુશ્કેલ ચઢાઈનું યાત્રાળુઓ માટે એક ઊંડું પ્રતીકાત્મક મહત્ત્વ પણ હોવાનું જણાય છે. જાણે સામાન્ય દુનિયામાંથી નીકળીને પવિત્ર આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશવાનો આ એક માર્ગ હોય.

૫. ભારત પહાડ (Bharat Pahad) આગળનો પડાવ આશરે ૯ કિલોમીટરની મુશ્કેલ ચઢાઈ ધરાવતો હતો. ભારત પહાડ તરીકે ઓળખાતી આ ઊભી ચઢાઈ યાત્રાળુઓની શારીરિક ક્ષમતા, સહનશક્તિ અને દૃઢ નિ?યની કસોટી લેતી હતી.

૬. ફકરપથેર (Fakerpather)

ફકરપથેર આ યાત્રામાર્ગનું એક મહત્ત્વપૂર્ણ રાત્રિ-વિશ્રામસ્થાન હતું. અહીં તાજા ઝરણાનું પાણી ઉપલબ્ધ હોવાથી આ સ્થળ કઠિન યાત્રા કરતા યાત્રાળુઓ માટે સ્વાભાવિક આરામસ્થાન બની ગયું હતું.

૭. બ્રહ્મસર (Brahmsar) – લુપ્ત થયેલું સરોવર

જૂના યાત્રામાર્ગનાં સૌથી રસ-દ સ્થળોમાંનું એક બ્રહ્મસર છે, જેને બ્રહ્મણ સર અથવા મહલિશ નામથી પણ યાદ કરવામાં આવે છે. આજે આ સરોવર મોટા ભાગે સુકાઈ ગયું હોવાનું કહેવાય છે અને ત્યાં માત્ર ખાડા જેવી રચના જોવા મળે છે. પરંતુ આ સ્થળ સાથે જોડાયેલી એક અદ્ભુત દંતકથા આજે પણ મૌખિક પરંપરામાં જીવંત છે. કથા અનુસાર, ભગવાન શિવ હરમુખ તરફ જઈ રહ્યા હતા ત્યારે બ્રહ્મસર પાસેથી પસાર થયા. તેમણે સરોવરને પોતાની હાજરી વિશે કોઈને જાણ ન કરવા કહ્યું. થોડા સમય પછી પાર્વતી માતા ભગવાન શિવને શોધતાં ત્યાં પહોંચ્યાં. તેમણે



બ્રહ્મસરને પૂછ્યું કે શું ભગવાન શિવ આ માર્ગે પસાર થયા છે? બ્રહ્મસરે ભગવાન શિવને આપેલું વચન યાદ રાખીને તેમના ત્યાંથી પસાર થવાની વાતનો ઇનકાર કર્યો. આથી પાર્વતી માતાને શંકા ગઈ. તેમણે સરોવરને



ચસ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

શ્રાપ આપતાં કહ્યું કે જો તેણે અસત્ય કહ્યું હોય તો તે સુકાઈને નિર્જીવ બની જાય. પરંપરા અનુસાર ત્યારબાદ આ સરોવર સુકાઈ ગયું. પરંતુ એવું પણ કહેવાય છે કે પછી ભગવાન શિવે બ્રહ્મસરને આશીર્વાદ આપ્યા હતા. તેના જળનો પ્રવાહ ભૂગર્ભમાં ચાલુ રહ્યો અને તે જળ ક્રાંક નદીમાંથી બહાર આવવા લાગ્યું. આ જ કારણથી મૌખિક પરંપરા ક્રાંક નદીના જળને બ્રહ્મસરના લુપ્ત થયેલા જળ સાથે જોડે છે અને તેને ગંગબલના જળ જેટલું જ આધ્યાત્મિક મહત્ત્વ આપે છે. આજે પણ એવું કહેવાય છે કે આ સુકાઈ ગયેલા સરોવરના ખાડાની અંદરથી ક્યારેક હળવો ગડગડાટ કે પાણીના પ્રવાહ જેવો અવાજ સંભળાય છે.

બ્રહ્મસરને યાત્રાળુઓના એક મહત્ત્વપૂર્ણ રાત્રિ-વિશ્રામસ્થાન તરીકે પણ યાદ કરવામાં આવે છે. ૮. હંસદ્વાર (Hansdwar) – પવિત્ર પ્રવેશદ્વાર

બ્રહ્મસરથી આગળનો માર્ગ હંસદ્વાર તરફ જતો હતો. કેટલીક પરંપરાઓમાં તેને હમિસદ્વાર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નામ હંસ સાથે સંકળાયેલું છે. આ સ્થળ બે વિશાળ પર્વતીય રચનાઓ વચ્ચે આવેલા એક સાંકડા કુદરતી માર્ગ તરીકે વર્ણવવામાં આવે છે. સ્થાનિક માન્યતા અનુસાર આ ભગવાન શિવ સાથે સંકળાયેલું એક પવિત્ર પ્રવેશદ્વાર હતું. ખાસ કરીને પોતાના સ્વર્ગસ્થ સ્વજનો માટે ધાર્મિક વિધિઓ કરવા જતા યાત્રાળુઓ આ સાંકડા માર્ગમાંથી પસાર થતાં સમયે પરંપરાગત રીતે પ્રાર્થના અને મંત્રોચ્ચાર કરતા હતા.

હંસ દ્વારસ તારમખે મલ્યા/મૈજે.

આ શબ્દો હંસદ્વાર સાથે જોડાયેલી એવી પ્રાર્થના તરીકે યાદ કરવામાં આવે છે, જેનો ભાવ સ્વર્ગસ્થ આત્માને મુક્તિના માર્ગ તરફ લઈ જવા સાથે સંકળાયેલો છે. આ પરંપરાની દરેક વિગતો ઐતિહાસિક રીતે પ્રમાણિત થઈ શકે કે નહીં, પરંતુ તેની સાથે જોડાયેલી મૌખિક સ્મૃતિ પોતે જ આ તીર્થયાત્રાની મહત્ત્વપૂર્ણ ધરોહર છે.

૯. લાગણીઓનાં બે પવિત્ર સરોવરો (Twin Lakes of Emotion)

હંસદ્વારની આગળ બે પવિત્ર સરોવરો આવેલાં છે, જેને દોખે પોઅર (નુન સર) અને સોખ પોઅર (કોલ સર) તરીકે યાદ કરવામાં આવે છે. તેમનાં નામ અને પરંપરાઓ બે પરસ્પર વિરોધી માનવીય લાગણીઓનું પ્રતિનિધિત્વ કરે છે - દુઃખ અને આનંદ. દંતકથા અનુસાર, ભગવાન શિવ કૈલાસ પર્વત છોડીને હરમુખ પર નિવાસ કરવા આવ્યા હતા. પાર્વતી માતા તેમના વિયોગથી વ્યથિત થઈને તેમને શોધવા નીકળ્યાં. લાંબી અને મુશ્કેલ યાત્રા કર્યા પછી તેઓ હંસદ્વારની આસપાસના વિસ્તારમાં પહોંચ્યાં. થાક અને વિરહના દુઃખથી વ્યાકુળ થઈ તેમની આંખમાંથી એક આંસુ ટપક્યું. આ આંસુમાંથી નુન અથવા દોખે પોઅર નામનું સરોવર બન્યું, જે શોક અને વિરહનું પ્રતીક માનવામાં આવે છે.ત્યારબાદ પણ તેમણે પોતાની શોધ ચાલુ રાખી. અંતે તેઓ એવા સ્થળે પહોંચ્યાં જ્યાંથી તેમને હરમુખ પર્વત અને ભગવાન શિવનાં દર્શન થયાં. ભગવાન શિવને ફરીથી જોઈને આનંદથી ભાવવિભોર થયેલી પાર્વતી માતાની આંખમાંથી બીજું એક આંસુ ટપક્યું. તેમાંથી કોલ અથવા સોખ પોઅર નામનું સરોવર બન્યું, જે આનંદ અને મિલનનું પ્રતીક છે. આ રીતે આ બંને સરોવરો માનવીય લાગણીઓનાં બે વિરોધાભાસી સ્વરૂપોનું પ્રતિનિધિત્વ કરવા લાગ્યાં - નુન / દોખ - દુઃખ, શોક અને વિરહ.- કોલ / સોખ - આનંદ, - સજ્જતા અને પુનઃમિલન.

પરંપરાગત યાત્રા અનુસાર ભક્તો બંને સરોવરોમાં ધાર્મિક સ્નાન કરતા હતા. સૌપ્રથમ નુનના ઠંડા પાણીમાં અને ત્યારબાદ કોલના પ્રમાણમાં ગરમ પાણીમાં સ્નાન કરવામાં આવતું હતું. આ રીતે સ્નાન કરવાની શારીરિક ક્રિયા પણ એક પ્રતીકાત્મક આધ્યાત્મિક અર્થ ધરાવતી હતી - દુઃખમાંથી આનંદ તરફ, કષ્ટમાંથી સંતોષ તરફ અને સાંસારિક આસક્તિમાંથી આધ્યાત્મિક શુદ્ધિ તરફની યાત્રા.

૧૦. ખજાનચી (Khazanchi)

બંને સરોવરો પછી યાત્રાળુઓ ખજાનચી તરીકે ઓળખાતા સ્થળે પહોંચતા હતા.

મૌખિક વર્ણનો અનુસાર અહીં ધાર્મિક અર્પણ કરવામાં આવતાં અને આગળની યાત્રા શરૂ કરતાં પહેલાં ફરી એકવાર વિધિપૂર્વક સ્નાન કરવામાં આવતું હતું.

૧૧. ત્રંખુલ (Trankhul)

ત્રંખુલને યાત્રાના આ ભાગનું છેલ્લું મહત્ત્વપૂર્ણ રાત્રિ-વિશ્રામસ્થાન માનવામાં આવતું હતું. આ તબક્કા સુધીમાં યાત્રાળુઓ મુશ્કેલ પર્વતીય માર્ગો, ઊંચા ઘાટ અને અનેક પવિત્ર સ્થળો પાર કરી ચૂક્યા હોય છે. ત્યારબાદ તેઓ ગંગબલ તરફની યાત્રાના અંતિમ તબક્કાઓ તરફ આગળ વધતા હતા.

તપસ્યા અને સંયમની યાત્રા આ તીર્થયાત્રા માત્ર શારીરિક રીતે કઠિન નહોતી, પરંતુ તેમાં ધાર્મિક શિસ્ત, સંયમ અને તપસ્યાનું પણ વિશેષ મહત્ત્વ હતું. વડીલોના જણાવ્યા અનુસાર, યાત્રા દરમિયાન પરંપરાગત રીતે યાત્રાળુઓ દિવસમાં માત્ર એક જ વખત ભોજન કરતા હતા. તેઓ પોતાની સાથે સત્તુ લઈ જતા હતા. સમગ્ર યાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ ધાર્મિક સ્નાન પણ કરવામાં આવતાં હતાં. કેટલીકવાર આખી યાત્રામાં પાંચથી છ વખત સ્નાન કરવાની પરંપરા હતી. યાત્રા માટેનાં વસ્ત્રો પણ અનુકૂળ રીતે પસંદ કરવામાં આવતાં હતાં. પુરુષો સામાન્ય રીતે ઢીલાં અને આરામદાયક કપડાં પહેરતા હતા, જ્યારે સ્ત્રીઓ પરંપરાગત રીતે ફેરન-ફોસ પહેરીને યાત્રા કરતી હતી.

આજે આ વિગતો સામાન્ય લાગી શકે, પરંતુ તે આપણને સમજવામાં મદદ કરે છે કે અગાઉની પેઢીઓ માટે તીર્થયાત્રાનો અર્થ માત્ર મુસાફરી નહોતો. તે સંયમ, ભક્તિ, શારીરિક સહનશક્તિ અને આધ્યાત્મિક સમર્પણની એક સાધના હતી. નારાનાગ તરફનો ઉતરાણ માર્ગ તીર્થયાત્રા પૂર્ણ કર્યા પછી ભક્તો બુતશેર માર્ગે ઉતરીને નારાનાગ પહોંચતા હતા.

નારાનાગ યાત્રાળુઓ માટે આરામ કરવા, ભોજન તૈયાર કરવા અને સામૂહિક રીતે ભોજન ગ્રહણ કરવા માટેનું એક મહત્ત્વપૂર્ણ સ્થળ હતું. ત્યારબાદ તેઓ પોતાના ઘરે પાછા ફરવાની યાત્રા શરૂ કરતા હતા. આ રીતે પરત ફરવાની મુસાફરી પણ તીર્થયાત્રાનો એક અભિન્ન ભાગ બની જતી હતી, જ્યાં લોકો એકબીજા સાથે અનુભવો વહેંચતા, જૂની સ્મૃતિઓ વાગોળતા અને સામૂહિકતાનો આનંદ માણતા હતા. આ પ્રાચીન યાત્રામાર્ગનું મહત્ત્વ શા માટે છે? હરમુખ-ગંગબલનો જૂનો યાત્રામાર્ગ માત્ર એક પર્વતીય પગદંડી નહોતો. તે શ્રીનગર, ગામડાંઓ, ઘાસનાં મેદાનો, ગુજ્જર વસાહતો, ઝરણાં, સરોવરો, પર્વતીય ઘાટ અને પવિત્ર સ્થળોને એક અવિરત સાંસ્કૃતિક ધરોહરના તાંતણે જોડતો હતો.

આ માર્ગના દરેક સ્થળની પોતાની એક વાર્તા હતી. દરેક ઝરણા સાથે એક સ્મૃતિ જોડાયેલી હતી. દરેક સરોવર સાથે એક દંતકથા સંકળાયેલી હતી. દરેક મુશ્કેલ ચઢાઈ યાત્રાળુઓની સહનશક્તિની કસોટી લેતી હતી. અને દરેક પવિત્ર પડાવ જીવંત પેઢીને તેમના પૂર્વજો સાથે જોડતો હતો. આજે આમાંથી ઘણું બધું જ્ઞાન માત્ર વડીલોની સ્મૃતિઓમાં જ સચવાયેલું છે. જેમ જેમ પેઢીઓ બદલાતી જાય છે, તેમ તેમ આ સ્મૃતિઓ પણ લુપ્ત થઈ શકે છે. આ પરંપરાગત યાત્રામાર્ગનું દસ્તાવેજીકરણ કરવું અત્યંત જરૂરી છે.

ભવિષ્યમાં સ્ટ્રેસ ફ્રી ઝોન

(ઓશોચેરના ઉપક્રમે તનાવ હટા, એકાગ્રતા બઢા કાર્યક્રમમાં પ્રસંગોચિત ઉદ્બોધન. તા૩/૨/૨૦૧૮)

એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે પરંતુ સાથે કદાચ તનાવની સદી તરીકે પણ આવનારા સમયમાં ઓળખાય તો નવાઈ નહીં પામશો. વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં પરીક્ષાનો સમય નજીક આવવા માંડે તેમ તેમ એમનામાં તનાવ વધવા માંડે છે એવું મહદ્અંશે મેં નોંધ્યું છે. એજ રીતે પરીક્ષાનું પરિણામ આવવાનું હોય ત્યારે પણ વિદ્યાર્થી સમુદાયમાં સ્ટ્રેસ વધતો જોવા મળે છે. કેટલીક વખત તો જો સ્ટ્રેસ મેનેજ ન કરી શકે તો પરીક્ષા કે પરિણામ અગાઉ કે પછી વિદ્યાર્થીને આપઘાત સુધી દોરી જાય છે અને આવું જયારે બને ત્યારે શિક્ષક હોવાને નાતે ખૂબ જ દુઃખ અનુભવું છું. આજનું શિક્ષણ એવું તે કેવું કે જે પરીક્ષા/પરિણામ વખતે વિદ્યાર્થીને આપઘાત સુધી દોરી જાય છે. મેં એવું નોંધ્યું છે કે સમગ્ર વર્ષ દરમ્યાન રમી ખાધું હોય કે રખડીને પસાર કર્યું હોયકે ભણવાને બદલે લીલાલહેર કરી હોય તેવા સંજોગોમાં પરીક્ષા પહેલાં સ્ટ્રેસ વધી જાય છે. જો કે ઠોઠ નિશાળીયાને બેફિકર રહેતા પણ મેં જોયા છે અને તેમના પર દબાણ આવતું નથી. તેઓને તનાવ જેવો પ્રશ્ન ઉપસ્થિત પણ થતો નથી. પરંતુ ખાસ કરીને તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ પરીક્ષાને વધુ પડતી ગંભીરતાથી લે છે તેમના પર પરીક્ષા અને પરિણામનું દબાણ વધુ રહેતું હોય છે અને એઓ પરીક્ષા વખતે બેચેની પણ અનુભવે છે.

વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે પૂરતી તૈયારી કરી નહીં હોય જેને પરિણામે નિષ્ફળતાનો ડર એમને સતાવે છે. તો કેટલીક વખત મા-બાપની ઊંચી અપેક્ષા સંતાન પાસે હોય છે અને તેના પરિણામે બાળક અપેક્ષા મુજબનો દેખાવ નહીં થઈ શકશે તો એવા ખ્યાલથી પિડાય છે. જેને આપણે પ્રતિષ્ઠાલક્ષી તનાવ તરીકે ઓળખી શકીએ. કુટુંબના પ્રતિકૂળ સંજોગોને કારણે પણ વિદ્યાર્થી સતત તનાવ અનુભવે એવું પણ શક્ય છે.

વર્તમાન સમયમાં દિવસે ને દિવસે રૂટિન લાઈફમાં પણ લાકો સ્ટ્રેસમય જીવન જીવતા જોવા મળે છે. જેવી રીતે વિદ્યાર્થીઓ પરીક્ષા કે પરિણામ વખતે તનાવ અનુભવે તે જ રીતે બેન્ક, એલઆઈસીકે અન્ય નોકરિયાત કે વેપારી વર્ગ ઈયર એન્ડિંગ કે ઈયર કલોઝીંગ વખતે ટાર્ગેટને એચીવ કરવા તનાવ અનુભવતા જોવા મળે છે. મોટા મોટા મહાનુભાવો પણ જીવનમાં સ્ટ્રેસ અનુભવતા જ હોય છે. ઓનલાઈન શેરબજાર પર શેરના સોદા કરતી વખતે રોકાણકાર કે લે વેચ કરનારના મોં પર સ્ટ્રેસ સ્પષ્ટ દેખાઈ આવે છે.

ચારે બાજુ સ્ટ્રેસ અનુભવતા

અભિવ્યક્તિ



ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

વ્યક્તિઓને દોડધામ કરતાં જોઉં છું ત્યારે એમ લાગે છે કે કમ્પ્યુટર કલાસિસ, કરાટેના વર્ગો, ઈંગ્લિશ સ્પોકન વર્ગોની જેમ જ ભવિષ્યમાં સ્ટ્રેસ ફ્રી ઝોનનો પ્રારંભ થશે. અત્યારે પણ હું જોઉં છું કે કેટલાક માણસો મગજ શાંત રાખવાની ગોળીઓ લેતા હોય છે. તો કોઈક જાગતા રહેવા માટે ટેબ્લેટ લે છે. તો પછી અનિદ્રાના રોગીઓ માટે તો ઊંઘવાની ગોળીઓની બોલબાલા છે ત્યારે મને તો એમ કહેવાનું મન થાય છે કે ફર્સ્ટ એઈડ કીટ કે શેવીંગ કીટની માફક આવનારા સમયમાં એન્ટી સ્ટ્રેસ કીટ પણ બજારમાં ઉપલબ્ધ હશે.

સ્ટ્રેસને મેનેજ કરવા માટે પણ સ્ટ્રેસ મેનેજમેન્ટનો આખો અલગ વિષય છે. ત્યારે એસ્ટોન ઈટન નામના વિદ્વાન સ્ટ્રેસને મેનેજ કરવા સંદર્ભે જણાવે છે કે "My key to dealing with stress is simple:stay cool and stay focused." એકસો કારણ આપે ત્યારે તમારે સ્ટ્રેસને ભગાડવા કે નિર્મૂળ કરવા માટે તમારી પાસે એક હજાર ઉપાયો છે એ "To be a champion, you have to learn to handle stress and pressure. But if you are prepared mentally and physically, you don't have to worry."

નેગેટીવ સ્ટ્રેસની માફક સ્ટ્રેસ પોઝીટીવ પણ હોય શકે છે. તમારા જીવનમાં તનાવ હશે તો જ તમને તમારી શકિતઓની (Strength) અને નબળાઈઓ (Weaknesses) ની ખબર પડશે. એવું બની શકે કે જીવનમાં મળતી નિષ્ફળતાઓ તમને સ્ટ્રેસ આપશે પરંતુ તનાવ તમને કંઈકને કંઈક શીખવી પણ જાય છે. વ્યક્તિના જીવનમાં થોડે ઘણે અંશે સ્ટ્રેસ હોવો પણ જરૂરી છે. "Remember most of your stress comes from the way you respond, not the way life is. Adjust your attitude and all that extra stress is gone." તનાવ માટે તમારો જીવન પરત્વેનો દૃષ્ટિકોણ પણ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણા દેશની સંસ્કૃતિમાં સ્ટ્રેસ સામે લડવામાં નિષ્ફળ જનારાઓ માટે એક સરસ મને ન ગમતી ફોર્મ્યુલા છે અને એ છેઃ હરિ ઈચ્છા. મર્લે મિલર નામના ચિંતકે જણાવેલ વાતને હું મારી રીતે તનાવ સંદર્ભે આપની સમક્ષ રજૂકરૂં છું. મર્લે મિલર જણાવે છે કેદરેકના ખભા પર સંજોગોનો બોજ હોય છે. અગત્યનું એ છે કે તમે એ કેવી રીતે ઊંચકો છો. હું આજ વાતને તનાવ સંદર્ભે મારા શબ્દોમાં રજૂ કરું તોઃ આદુનિયામાં દરેક માણસને કોઈને કોઈ પ્રકારનો તનાવ હોય છે. મહત્વનું એ છે કે વ્યકિત એ તનાવને કઈ રીતે મેનેજ કરે છે.

આજના સેમિનારમાં એકાગ્રતા કે જે વિદ્યાર્થીઓ માટે સફળતા મેળવવા માટે ખૂબ જ જરૂરી છે. એના અંગે પણ વાતો થનાર છે.

ત્યારે સ્ટીવ જોબ્સે એકાગ્રતા માટે ફકત ત્રણ શબ્દોમાં આપેલી સમજ યાદ આવે છે. સ્ટીવ જોબ્સ જણાવે છે એકાગ્રતા એટલે... ના પાડતા શીખવું. એકાગ્રતા સંદર્ભે હું મારા વિદ્યાર્થી મિત્રોને એટલું જ કહીશ કે અર્જુન જેવી એકાગ્રતા કેળવી પરીક્ષારૂપી મત્સ્યનો વધ કરો. જીવનમાં તમે પોઝીટીવ એટીટ્યૂડ અપનાવી, એકાગ્રતા રાખીને, તનાવમુક્ત જીવન જીવો એવી શુભકામના પાઠવીને મારી વાણીને વિરામ આપું છું.

કાળી ચૌદશ વગર દિવાળી આવતી નથી..!

જો બકા, કલાકાર રહ્યા એટલે અમને ધોળા જ ધંધા ફાવે, પણ અમારા મોટાભાગના ધંધા કાળી રાતના હોય. અમારા ધંધામાં દિવસે બરકત ઓછી, પણ વધારે લેણા-દેણી કાળી રાત સાથે હોય.! અમારા પ્રભાતિયા રાત પડે પછી જ શરુ થાય. અમારું જ નહિ, ચડ્ડી બનિયાનધારીવાળાનું પણ એવું જ..! જો કે, અમારા બે વચ્ચે ડીફરન્સ, વેજીટેરીયન અને નોન-વેજીટેરીયન જેવો..! એમના પડછાયામાં પગ પણ નહિ મુકાય. અમે કાળામાં ધોળું, એટલે કે ધોળા કામ કરીએ. ને એના કપાળમાં કાંદા ફોડું એ લોકોનો ભરોસો નહિ. કાળું-ધોળું પણ કરે. અમારી એ લાઈન નહિ. એ લોકો ચડ્ડી-બનિયાનનાં ડ્રેસકોડમાં ધંધે વળગે, અમે લાંબા લેંઘા ચઢાવ્યા વગર સ્ટેજ ઉપર ના ચઢીએ. બાકી નિશાચર એવા કે, અમારા બંનેના ધંધા રાતે જ ઝામે..! પાપી પેટનો સવાલ છે ને યાર..? કાળી રાતની આ કમાલ છે મામૂ..! દિવસ અને રાતના ચોઘડિયા એટલે તો જુદા રાખેલા. દિવસના ચોઘડિયા ચાલતા હોય, ત્યારે અમે ઊંઘ ખેંચીએ. અમારો લગાવ રાતના ચોઘડિયા સાથે વધારે. દિવસના ચોઘડિયા મોટાભાગે ઊંઘમાં જ જાય, એટલે નડે જ નહિ. પાડોશી પણ નહિ જાણે કે બાજુમાં કોણ રહે છે..!

કાળી રાત એટલે કાળા રંગ સાથેનો ઘરોબો. ગોરો રંગ અવશ્ય સુંદરતાની નિશાની છે. પણ કાળો રંગ 'સુપર પાવર' છે, એનું પ્રમાણ હોય તો ભગવાન શ્રીકૃષ્ણ છે..! ભગવાન શ્રી કૃષ્ણ પણ કાળા હતા. છતાં અસંખ્ય ગોપીઓ એની પાછળ પાગલ હતી. જે રેકોર્ડ હજી કોઈએ તોડ્યો નથી. દિલ કાળું ન હોવું જોઈએ, બાકી કાળો ચહેરો પણ આકર્ષણ છે. ફેરનેશ ક્રીમ લગાવીને જે લોકો ગોરા થવાની ખર્ચાળ મજુરી કરે છે, તેમને એટલું જ કહેવાનું કે, બ્લેક પણ એક બ્યુટી છે. કાળા હોવું એ શ્રાપ નથી, કુદરતની કમાલ છે. ભેંસ કાળી હોવા છતાં સફેદ દૂધ આપે જ છે ને..? ભેંસનું જો ફેસિયલ કરવામાં આવે તો એ ગોરી થાય ખરી..? છતાં કુદરતે આપેલા રંગ સાથે છેડછાડ કરવાની માયા કોઈ મૂકતું નથી. ગોરા થવા માટે છેડછાડ કેન્દ્ર (બ્યુટી પાર્લર) માં જાય, ત્યારે દુખ થાય. સોના/ચાંદીની થાળીમાં પીરસાયેલું ભોજન, સ્વાદિષ્ટ જ હોય એની કોઈ ખાતરી નહિ. ક્યારેક કોડિયામાં પીરસાયેલી દાળ સ્વાદિષ્ટ પણ હોય. દેખાવમાં સામાન્ય કે કદરૂપો લાગતો માણસ, તેના વિચારોમાં ઉત્તમ, ઉદાર અને કાર્ય કુશળ પણ હોય. રંગ કાળો હોય તો ચાલે દિલ કાળું ના હોવું જોઈએ. શું કહો છો રતનજી..?

કાળા હોવાનો મોટામાં મોટો ફાયદો એ કે, કાળા વસ્ત્ર ઉપર ડામરના લપેટા લાગે તો ઢંકાય જાય, કોઈને દેખાય નહિ. પણ સફેદ વસ્ત્ર ઉપર કાળો ડાઘ પડે તો જીવ કપાય જાય. કાળો રંગ પણ સ્વયં સુંદર છે. સુંદરતાનો બાધક હોય તો, વાળને કાળા કરવાની કોઈ ઘેલછા રાખે..? કાળા વાળ એ યુવાનીની નિશાની છે. કોઈની નજર નહિ લાગે એ માટે, નાના બાળકના ગાલ ઉપર કાજળનું કાળું 'નજર બટ્ટુ' આજે પણ થાય જ છે ને..? કેમ કાળી મેશને બદલે, કંકુ કે ચંદન ટપકું કરવામાં આવતું નથી..? મતલબ કે, રૂપના રક્ષણ માટે પણ કાળા ટપકાનો સહારો લેવો પડે. બધા જ રંગો કાળા રંગમાં સમાય શકતા હોય તો આપણો પણ ઉદારભાવે સમાવાનું. કાળા રંગ સાથે આભેડછેટ નહિ રાખવાની. અંગ્રેજો ભારતમાંથી પલાયન થયા પછી હવે ક્યાં કાળા-ધોળાનો ભેદ રહ્યો છે..? આજે પણ સવારથી સાંજ સુધીમાં આપણા જીવનમાં કાળી વસ્તુઓનો દબદબો છે. શાળામાં કાળા પાટિયા (Blackboard) હતા એટલે તો આપણે શિક્ષિત છીએ.. હાસ્ય કલાકાર સ્વ.મહેશ શાસ્ત્રી ઘણીવાર કહેતા કે, 'જો કાળી રાત ના હોત તો, આ સૃષ્ટિની ઉત્પતિ જ ના થઈ હોત. કાળો રંગ જોઈને કોઈનાં ગુણદોષનું મૂલ્યાંકન નહિ કરાય. મેઘરાજાને પણ વરસવા પહેલા કાળા વાદળનાં સ્વરૂપ ધારણ કરવા પડે. કોઈએ સરસ કહ્યું છે કે, વર્ષાને લઈને આવનારી આ વાદળીઓ જુઓ તો કાળી છે.

સમગ્ર સૃષ્ટિનું દર્શન કરાવનારી આંખ જુઓ તો કાળી છે



એમાં લગાવ્યો કાજળનો દોરો તો લાગે પ્યારી પ્યારી છે.

અમન ચમનનું રસપાન કરાવનારી રાત જુઓ તો કાળી છે.

કુદરતનો કરિશ્મો તો જુઓ..? લાલ રંગને ફૂલોમાં નાંખ્યો. પીળા રંગને સૂરજની લાલી અને સરસવ-સેવંતીમાં ચમકાવ્યો. લીલા રંગને પ્રકૃતિનું સામ્રાજ્ય આપ્યું. ભૂરા રંગને મોરનાં પીંછામાં સમાવ્યો. અને કાળા રંગને અંધારી રાત અને કાળા ડીબાંગ વાદળોમાં ધકેલી દીધો. રાત ભલે કાળી ડીબાંગ જેવી હોય, પણ રાત વગર સવાર પડતી નથી. ને કાળી ચૌદશ વગર દિવાળી આવતી નથી. જેને કાળી ભેંસના દુધની જ ચા ફાવતી હોય, એમની સવાર કાળી ભેંસના સફેદ દુધથી જ શરુ થાય..! બાકી, ચા કાળી, કોફી કાળી, કપડા-કાળા ગોગલ્સ કાળા પછી કાળા રંગની સુગ શાની? કાળા ચોપડા, કાળું નાણું, કાળો ધંધો, કાળા બજાર કાળો દિવસ ઘડવામાં કોઈ વાંધો નહિ. કાળા ચશ્માં પહેરીને 'હીરો' પણ બની જાય, અને કાળા કરતુત કરે એટલે પછી પોલીસ એને 'હીરો' બનાવી દે..! કાળી શાહીથી લખેલો નાનો હસ્તાક્ષર આખા કરારને મજબૂત કરે, એ કાળા રંગની તાકાત છે. કર્મના સિધ્ધાંત પ્રમાણે ક્યારેક માણસનું મોઢું કાળું થાય, પરીક્ષામાં

કોણ હિતકર : ગોળ કે સાકર ?



ગોળ અને સાકર બન્ને માફકસર જ સારાં, નહીં તો ઓબેસિટી, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હૃદયરોગ અને સ્ટ્રોકને નિમંત્રણ આપી શકે છે : વૈજ્ઞાનિક રીતે જોઈએ તો ડાયાબિટીસવાળા માટે ગોળનો ઉપયોગ પણ ઓછો થાય તો વધુ સારું

કાર્તિકભાઈને લગભગ દસેક વર્ષથી ડાયાબિટીસ છે. શરૂઆતનાં વર્ષોમાં તો હરિદ્વાર જઈને દેશી દવાઓ કરાવી, પછી ત્યાંના સમજુ દેશી ડોક્ટરે કહ્યું કે તમારો ડાયાબિટીસ જરા વિચિત્ર છે, એને એલોપેથિક દવાઓથી જ કન્ટ્રોલ કરવો પડશે. એકવાર કન્ટ્રોલ થઇ જાય પછી મારી પાસે આવજો.

અને પછી કાર્તિકભાઈ ડાયાબિટીસ નિષ્ણાત એલોપેથિક ડોક્ટર પાસે પહોંચ્યા. બધી તપાસ કરાવ્યા પછી ડોક્ટરે દવાઓ લખી આપી, ખોરાક અને કસરત પણ સમજાવી. તે પ્રમાણે નિયમિત બધું શરૂ કરી દીધું અને મહિના પછી બતાવવા ગયા તો બ્લડ શુગર તો હજુ વધારે જ આવતી હતી. ડોક્ટરસાહેબ મુંઝાયા. દવાઓ - કસરત-ખોરાક બધું જ સમજાવ્યા પ્રમાણે લીધું હતું ? હા અને હા ! સાકરને તો અડ્યા જ નથી, ચામાં પણ ગોળ જ નાખ્યો હતો અને હા, અશક્તિ લાગતી હતી એટલે ગોળ અને થી બેવાર રોજ લેવાતાં હતાં, પણ સાકર તો બિલકુલ જ નહીં. (રસોઈમાં, દાળ - શાકમાં ગોળ આવે એટલું તો માફ જ હોય ને !) આપણાં બધાંનાં મનમાં એવું તો ખરું જ ને કે સાકર નુકસાન કરે, પણ ગોળ તો આપણો પોતાનો જ કહેવાય અને આદિકાળથી આપણે એનો ઉપયોગ ખોરાકમાં, દવાઓમાં કરતા જ આવ્યા છીએ, કોઈપણ જાતનાં દેખીતાં નુકસાન વગર. અરે, પ્રેગ્નન્ટ ભહેનોને તો ગોળ અને મગફળી કે તલ ખાસ ખવડાવતા, જેથી એમનું બાળક અને માતા બન્ને તંદુરસ્ત રહે. દુનિયા આખીમાં ગોળ માટે બીજો શબ્દ જ નથી, જ્યારે સાકરને મોરસ (કારણ કે મોરેસિયસ નામનો દેશ ભહુ જ શેરડી પકાવે છે એટલે અથવા તો ચીની ઉત્તર ભારતમાં કહેવાય છે, કેમ કે આપણી મોલેસીસને એ લોકો શુદ્ધ કરીને સફેદ દાણાદાર બનાવી ને આપણને વેચતા, એ ચીનથી આવતી એટલે એનું નામ ચીની પડ્યું હશે ?)

વિજ્ઞાન પણ કહે છે સાકરમાં ફક્ત અને ફક્ત કેલેરીસ્ જ હોય છે હોય છે, બીજું કંઇ જ નહીં. જ્યારે ગોળમાં તો કેટલાં બધાં મિનરલ્સ હોય છે. ગોળ ૧૦૦ ગ્રામમાં ૩૮૩ કેલેરી હોય છે. ગ્લુકોઝ લગભગ ૬૫ ટકા અથવા ગ્રામ, પાણી - ભેજનું પ્રમાણ ત્રણ ટકા જેટલું અને ફ્રિ ગ્લુકોઝ અને હુકરોઝનું પ્રમાણ ૧૫ - ૨૦ ટકા જેટલું હોય છે. મિનરલ્સની વાત કરીએ, તો પોટેશિયમ ૬૫૦થી થોડું વધારે મિલીગ્રામ, લોહતત્ત્વ ૧૧ મિ. ગ્રામ, મેગ્નેશિયમ ૭૦થી ૯૦ મિ.ગ્રામ, કેલ્શિયમ ૮૦થી ૩૬૩ મિ.ગ્રામ અને ફોસ્ફરસ લગભગ ૧૫૦ મિ.ગ્રામ. વધારામાં ઝિન્ક, કોપર અને સેલેનિયમ પણ થોડીક માત્રામાં હોય છે. થોડાંક પ્રમાણમાં વિટામિન અને એન્ટિઓક્સિડેન્ટ્સ પણ હોય છે. પોષ્ટિક, ઘણાં બધાં મિનરલોથી સમૃદ્ધ ગોળને કેમ બદનામ કરો છો ? કે તમે ગોળ ખાવ છો એટલે તમારો ડાયાબિટીસ કન્ટ્રોલમાં આવતો નથી ? આપણે પહેલાં સમજીએ ડાયાબિટીસ એટલે શું ? આપણે જે કંઈ ખોરાક લઈએ છીએ, એને આપણું પાચનતંત્ર શક્તિમાં -એનર્જીમાં ફેરવે છે, ખાસ કરીને કાર્બોહાઈડ્રેટ પદાર્થોને અનાજ, ગોળ, સાકર, મધ, બટેટા, સક્કરિયાં વગેરે ખોરાકમાં લઈએ એટલે પાચનતંત્ર એને ગ્લુકોઝના અણુઓમાં ફેરવી નાખીને પછી લોહીમાં ભેળવી દે, જેથી લોહીમાં ગ્લુકોઝની માત્રા વધે. (ખોરાક લીધા પછી સ્વાભાવિક રીતે બધાને વર્ષ જ !) એટલે આપણાં શરીરમાં આવેલી પેન્ક્રિયાઝ નામની ગ્રંથિ તરત જ એને સેન્સ કરે અને એનાં પ્રમાણમાં ઇન્સ્યુલીન નામનું હોર્મોન્સ છોડે, જેથી આ ગ્લુકોઝ શરીરના દરેક કોષમાં પ્રવેશી શકે અને જે - તે કોષો સુચારુરૂપે પોતપોતાનાં કાર્યો કરી શકે. જો ઇન્સ્યુલીન ન હોય તો તાળાં વિના ચાવી જેવું થાય. કોષોનું તાળું ખૂલે નહીં અને ગ્લુકોઝ લોહીમાં જ ફર્યા કરે, પણ કોષોમાં એન્ટ્રી મારી જ ન શકે. હવે જો તમે એવો ખોરાક લીધો હોય, જેનાથી બ્લડમાં ગ્લુકોઝ ઝડપથી વધે, જેને વધુ ગ્લાસમિક ઇન્ડેક્સવાળા પદાર્થો કહે છે, આવું ખાવાથી શરીરમાં - લોહીમાં ગ્લુકોઝ સ્પાઇક આવે છે. બ્લડ ગ્લુકોઝ ઝડપથી વધે છે અને ઇન્સ્યુલીનની માત્રા પણ એ વખતે વધુ પ્રમાણમાં જોઇએ છીએ. થોડીક વખત જ આ સ્પાઇક રહે, પછી તરત જ પાછું ગ્લુકોઝ લેવલ ઝડપથી નીચે આવે છે અને આપવાને ફરીથી શક્તિની જરૂર પડે છે, એટલે ભૂખ લાગે છે. આવું તો બધાને થાય છે, પણ ડાયાબિટીસવાળા - જે લોકોમાં કાં તો ઇન્સ્યુલીન ઓછું હોય અથવા તો કોષો એને બહુ રિસ્પોન્સ આપતા ન હોય ભાવ ન આપે, તાળામાં ચાવી બરોબર ફિટ બેસે નહીં એટલે કોષોનું તાળું ખુલે નહીં) - એ લોકોમાં ઝડપથી ગ્લુકોઝનું બ્લડમાં વધવું, એ થોડીક ચિંતાજનક બાબત કહેવાય. હવે આપણે સાકર પચ્ચીસ ગ્રામ અને ગોળ પચ્ચીસ ગ્રામની બ્લડ ગ્લુકોઝ ઉપર શું અસર થાય, તે જોઈએ. સાકરનો ગ્લાસેમિક છે ઇન્ડેક્સ ૬૪ - ૬૫ છે, જ્યારે ગોળનો ૮૪ જેટલો, ગ્લાસેમિક લોડ એટલે ગ્લાસેમિક ઇન્ડેક્સ X કેટલા ગ્રામ કાર્બોહાઈડ્રેટ પદાર્થનો ઉપયોગ કર્યો છે. ભાગ્યા ૧૦૦, સાકરનો જી. લોડ - આશરે ૧૬ આવે, જ્યારે ગોળનો ૨૧ જેટલો આવે. ગ્લાસેમિક લોડ ૧૦થી નીચે હોય એને લો કહેવાય, ૧૧થી ૧૯ હોય એને મધ્યમ અને ૨૦થી ઉપરને હાઈ અથવા વધુ કહેવાય. આમ, ગોળ એ હાઈમાં આવે છે. (૨૧નો આંઠ!) જ્યારે સાકર મધ્યમમાં આવે છે (૧૬નો આંક !) આમ જોઇએ તો બંને ઓછાં લેવાય એ જ ઉત્તમ, પણ ગોળ સારો એટલે વધુ ખવાઇ જાય નહીં, એનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. ગોળ બંને સાકર શેરડીમાંથી બને છે. ગોળ થોડીક ઓછી પ્રક્રિયા પછી બને છે. જ્યારે સાકર લાંબી પ્રક્રિયા પછી બને છે... અને આ પ્રક્રિયા દરમ્યાન એમાં ૯૯.૫ ટકા સુક્રોઝ જ રહે બીજી બધી અશુતિઓ જાય છે. જ્યારે ગોળમાં સુક્રોઝ ૬૫ ટકા અને ફ્રિ ગ્લુકોઝ ફ્રુક્ટોઝ ૧૬થી ૨૦ ટકા જેટલો હોય છે. આ ફ્રિ ગ્લુકોઝ ગ્લાયસેમિક ઈન્ડેક્સ અને ગ્લાસેમિક લોડને વધારે છે. બીજું, સાકર કરતાં ગોળ ઓછી મીઠાશવાળો લાગે છે (એમાં રહેલાં મિનરલ અને ફાઇબરનાં કારણે), એટલે સાકરનાં પ્રમાણમાં થોડોક વધુ ખવાઈ પણ જાય છે અને પછી આપણી બ્લડ શુગર લાલ લીટીની આજુભાજુ જતી રહે છેશેરડીમાંથી બનતાં આ બન્ને આમ તો જોડિયાં બાળકો જ છે ! તમને ખબર છે? ભારત જ્યારે આઝાદ થયું, ત્યારે આપણી શેરડીમાં ફક્ત નવ-માણમાં જ સુક્રોઝ મળતો હતો એટલે આપણને ગોળ અને સાકર માટે જાવા તેમજ બીજા દેશોમાંથી શેરી આપાત કરવી પડાતીનેહરુજીએ આપ્રોબ્લેમ સોલ્વ કરવા માટે એ વખતના નામાંકિત બોટોની અને જીનેટિક્સમાં વિદ્વાન એવા ડો. જાનકી વિદેશથી ખાસ આમંત્રણ આપીને બોલાવ્યા, જેથી આપણી શેરડી વધુ સુક્રોઝ આપી શકે અને આપણી શેરડીની આયાત ઘટે. ડો. જાનકીજીએ એ માટે કોમોઝોમલ લેવલ ઉપર કાર્ય કર્યું અને આપણી જ શેરડીમાં સુક્રોઝનું પ્રમાણ ત્રણગણું વધારી આપ્યું ! અત્યારે આપણે સાકરના ભાવ ૭૦ રૂા. કિલોમાં બૂમો પાડીએ છીએ, પણ ડો. જાનકીજી ન હોત તો સાકરનો ભાવ લગભગ રૂા. ૨૦૦/ કિલો હોત અને ઉનાળામાં તમે લહેરથી શેરડીનો મીઠો રસ પીઓ છો, એ પણ તમારાં નસીબમાં હોત જ નહીં, કેમ કે શેરડીનો ઉપયોગ સાકર -ગોળ વગેરે બનાવવામાં પણ પૂરતો ન થતો હોય, તો પછી જ્યુસની વાત તો ભૂલી જ જવી પડે ને ! એટલે ખાંડ મોંઘી છે એવું કહો છો, ત્યારે સાથે સાથે ડો. જાનકીજીને થેન્ક યુ પણ કહી દ્યો... અને હા, આ સાકર --ઓછાં વાપરોને ! બન્ને માટે સારું રહેશે. (તમારી તબિયત અને તમારું બજેટ !) -ગોળ મોંઘાં થયા છે. તો તમે આપણું શરીર ગોળ કે સાકર બન્નેમાંથી ગ્લુકોઝ છૂટો પાડીને એને લોહીમાં ભેળવે અને પછી ઉપયોગમાં લે છે. સાકર અને ગોળ બન્નેમાં વત્તા - ઓછા પ્રમાણમાં સુક્રોઝ હોય છે. આ સુક્રોઝ એટલે એક અણુ ગ્લુકોઝ અને એક અણુ ફ્રુક્ટોઝનો. આ બન્ને અણુ એક બોન્ડથી જોડાયેલા હોય છે, જેને તોડવા માટે એક એન્ઝાઈમ - કેમિકલ જોઈએ, જેનું નામ છે સુકોઈઝ, જે નાનાં આંતરડામાં હાજર હોય છે. ત્યાં આ બોન્ડ તૂટે એટલે સુક્રોઝમાંથી ગ્લુકોઝ અને ફ્રુક્ટોઝ છૂટાં પડે. ગ્લુકોઝ સીધો જ લોહીમાં ભળી જઈ લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ વધારે, જ્યારે ફ્રુક્ટોઝ લિવરમાં જઈ જરૂરિયાત પ્રમાણે એને ગ્લુકોઝમાં રૂપાંતરિત કરાય અથવા જરૂરત ન હોય તો (લગભગ જરૂર હોતી જ નથી - પરિશ્રમવાળાં કામ કરવાવાળાને કદાચ જરૂર પડે !) એનું રૂપાંતર ટ્રાઇ ગ્લિસરાઇડ - સાદી ભાષામાં કેટમાં થઈને ભવિષ્યમાં ભૂખમરા જેવી પરિસ્થિતિમાં આ સાચવેલી એનર્જી કામ આવશે એમ માનીને એને સ્ટોર કરવામાં આવે છે.



ડોક્ટર કહે છે

- ડો. યોગેશ વેલાણી

છૂટો ગ્લુકોઝ સીધો જ લોહીમાં ભળે એટલે સાકર - ગોળ, જેમાં પણ છૂટો ગ્લુકોઝ વધુ હોય, એ જલ્દી બ્લડ ગ્લુકોઝ વધારે અને અને અને જેનામાં ઓછો હોય, એ ધીમે ધીમે (જેમ જેમ ફિક્સ ડિપોઝિટ છૂટી થતી જાય એમ. બોન્ડ તૂટે અને સુકોઝમાંથી ગ્લુકોઝ પડે એમ...!) ગ્લુકોઝ એટલે ગોળમાં ૧૬ ટકાથી ૨૦ ટકા જેટલો ગ્લુકોઝ - ફ્રુક્ટોઝ હોય છે અને સાકરમાં લગભગ ૦.૪ ટકા જેટલો હોય છે... એટલે હવે તમે સમજી શકશો કે શા માટે ગોળ ખાવાથી બ્લડ ગ્લુકોઝ સાકરની સરખામણીમાં ઝડપથી વધે છે. સામાન્ય રીતે ગુજરાતીઓને મીઠી વાનગી ખાનારા અને બધી રેસિપીઓમાં ગોળ - સાકર નાખનારા તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તર ભારતના મિત્રો આપણી કઢીને દૂધપાક જ કહે છે ! પણ હકીકત કંઇક અલગ છે. મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર આપણાં કરતાં ગોળ - સાકર ખાવામાં આગળ છે. શહેરી વિસ્તાર અને ગામડાંની સરખામણી કરીએ તો સામાન્ય રીતે આપણે એવું માનીએ કે ગ્રામ્ય વિસ્તારમાં ગોળ - સાકર વધુ ખવાતાં હશે, પણ હકીકતમાં શહેરી વિસ્તારમાં વધુ ખવાય છે... જેમ કે, મધ્યપ્રદેશના શહેરી વિસ્તારમાં દરરોજ વ્યક્તિદીઠ ૨૬ ગ્રામ ખવાય છે. મહારાષ્ટ્રમાં ૨૪ ગ્રામ અને બિચારું ગુજરાત ત્રીજા નંબરે ફક્ત ભાવીસ ગ્રામ જ ! જ્યારે કર્ણાટકના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ ગ્રામ, મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારમાં ૧૭ ગ્રામ, જ્યારે પશ્ચિમ ભંગાળમાં ફક્ત સાત ગ્રામ જ ખવાય છે અને એનાથી પણ ઓછાં ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં ખવાય છે !ભારત અને વિશ્વમાં જ્યાં જ્યાં સાકર ગોળ અથવા તો છૂપી રીતે આવતી મીઠાશ - પેડ ફૂડ અને ઠંડાં પીણાઓમાં વધુ પ્રમાણમાં ઉપયોગ થાય છે. વિશ્વમાં પ્રતિ વ્યક્તિદીઠ દૈનિક વપરાશ ૬૫થી ૬૮ ગ્રામ જેટલો છે, જ્યારે ભારતમાં એનાથી ઓછો, એટલે કે ૪૫ - ૫૫ ગ્રામ જેટલો છે. જો કે, વિશ્વ આરોગ્ય સંસ્થા તો ૨૫ - ૩૦ ગ્રામની જ લિમિટ આપે છે! જગત જમાદાર અમેરિકા બધાને સલાહ આપે છે, પણ ત્યાં દૈનિક વ્યક્તિગત રીતે ૧૨૬ ગ્રામ અને જર્મનીમાં ૧૦૨ ગ્રામ / દૈનિક વ્યક્તિદીઠ વપરાય છે. ડાહી સાસરે ન જાય અને ગાંડીને સલાહ આપે ! મોટાભાગે શેરડીનો ઉપયોગ સાકર બનાવનારાં કારખાનાંમાં કુલ ઉત્પાદનના લગભગ ૭૦ ટકા, ગોળ, મેલેસીસ વગેરે. માટે લગભગ ૨૦ - ૨૫ ટકા અને બાકી એ એનો ઉપયોગ શેરડી ચૂસવા માટે, એનો રસ પીવા માટે, બીજી વખત શેરડી વાવવાનાં બીજ તરીકે થાય છે. ગોળ કે સાકર બન્ને બહુ જ મીઠાં છે. મીઠાશ બોલવામાં ઉત્તમ, પણ ખાવામાં માપસર જ હોવી જોઈએ. અમારા એક મિત્ર કહેતા કે ફલાણાભાઇ એટલું મીઠું બોલે કે એમની જોડે થોડીવાર બેસીએ તો પણ આપણી બ્લડ શુગર વધી જાય ! સવારે દોડ્યા પછી એક ગ્લાસ કારેલાં, પાલક અને દૂધીનો જ્યુસ તમારું વજન તો ઘટાડશે જ, પણ જીવવાની ઈચ્છાને પણ... જ્યારે બહડા, વણેલા ગાંઠિયા, મરચાં, પપૈયાંનું કચુંબર અને જલેબી ખાશો તો વજન તો ઠીક છે મારા ભાઈ... પણ જીવવાની અને બીજા દિવસે ફરી દોડવાની ઈચ્છાતો પ્રબળ બનશે જ !

સ્મૃતિઓના રંગથી જીવનના સંઘર્ષ સુધીની સંવેદનસભર સફર



કેવો રંગીન હતો ઉંમરનો એ પડાવ, ન પુછો,
જીંદગી સાથે હતો કેટલો લગાવ, ન પુછો.
રહેતા કાયમ ફૂલો વચ્ચે, એ પણ એક સમય હતો,
હવે વાગે છે રોજ કેટકેટલાં કાંટાના ઘાવ, ન પુછો.
રમતા રમતા દાવ આવે તો છટકી જતા ક્યારેક,
હવે જીંદગી લ્યે છે રોજ કેવા કેવા દાવ, ન પુછો.
સાથ છૂટ્યો તમારો જ્યારે, સાંજ પડી ગઈ અચાનક,
કેવી રીતે સંભાળુ છું હું આ ડુબતી નાવ, ન પુછો.
અચી ને યોગીની જોડી યાદ હંમેશાં રહેશે,
ક્યાંક હર્ષ અને ક્યાંક દુ:ખ બંનેનો એ ભાવ, ન પુછો.
શાળા તમારી છે ને બાળકો છે હૃદયના ટુકડા,
સમય મળે તો આવવાનું કદી ન ભૂલાય, ન પુછો.

– પિનાકિન

જીવન એ સમયના અનેક પડાવોમાંથી પસાર થતી એક એવી યાત્રા છે, જેમાં ક્યારેક વસંતનાં રંગો ખીલે છે, તો ક્યારેક પાનખરની ઉદાસી મનને ઘેરી વળે છે. ક્યારેક સંબંધોની હૂંફ જીવનને સુખદ બનાવે છે, તો ક્યારેક એ જ સંબંધોનો વિયોગ હૃદયમાં ન પૂરી શકાય તેવી ખાલીપો સર્જે છે. સમયની સાથે માણસ બદલાય છે, સંજોગો બદલાય છે, સંબંધોનાં સ્વરૂપ બદલાય છે, પરંતુ સ્મૃતિઓ ક્યારેય જૂની થતી નથી. કેટલીક સ્મૃતિઓ હૃદયના ખૂણે કાયમ માટે સ્થાન જમાવી દે છે. ગઝલકાર પિનાકિનની આ ગઝલ ભૂતકાળની રંગીન યાદો, વર્તમાનની વેદના, સંબંધોની આત્મીયતા અને વિયોગની વ્યથાને ખૂબ જ હૃદયસ્પર્શી રીતે વ્યક્ત કરે છે.

ગઝલના પ્રથમ શેરમાં જ કવિ વીતેલા સમયની રંગીન દુનિયાનું સ્મરણ કરે છે.

કેવો રંગીન હતો ઉંમરનો એ પડાવ, ન પુછો,
જીંદગી સાથે હતો કેટલો લગાવ, ન પુછો.

આ શેરમાં યુવાનીના એ દિવસોનું ચિત્ર ઉપસે છે, જ્યારે જીવનમાં ઉમંગ હતો, ઉત્સાહ હતો, સપનાઓ હતાં અને દરેક ક્ષણને જીવવાનો અનોખો આનંદ હતો. ઉંમરનો એક એવો પડાવ હતો, જ્યાં જીવન પ્રત્યે અપાર લગાવ હતો. નાની નાની વાતોમાં ખુશી શોધી લેવાની આવડત હતી. આજે જ્યારે એ સમય પાછળ રહી ગયો છે, ત્યારે કવિને એ દિવસો યાદ આવે છે. ન પૂછો શબ્દપ્રયોગ અહીં માત્ર અભિવ્યક્તિ નથી, પરંતુ લાગણીઓની ઊંડાઈ દર્શાવતો ભાવ છે. જાણે ભૂતકાળની વાત કરતાં કરતાં શબ્દો ઓછા પડે છે અને આંખોમાં સ્મૃતિઓ છલકાઈ ઊઠે છે. બીજા શેરમાં જીવનના બદલાયેલા સ્વરૂપની સુંદર સરખામણી કરવામાં આવી છે.

રહેતા કાયમ ફૂલો વચ્ચે, એ પણ એક સમય હતો,
હવે વાગે છે રોજ કેટકેટલાં કાંટાના ઘાવ, ન પુછો.

ફૂલો અને કાંટાનું પ્રતીક અહીં જીવનનાં બે જુદાં સ્વરૂપો રજૂ કરે છે. ફૂલો એટલે સુખ, આનંદ, પ્રેમ, હૂંફ અને અનુકૂળ સંજોગો; જ્યારે કાંટા એટલે દુ:ખ, મુશ્કેલી, નિરાશા અને સંઘર્ષ. એક સમય એવો હતો જ્યારે જીવનમાં આનંદની સુગંધ પ્રસરી રહેતી હતી. દરેક સંબંધમાં આત્મીયતા હતી અને દરેક દિવસ નવી આશા લઈને આવતો હતો. પરંતુ સમયના પરિવર્તન સાથે પરિસ્થિતિઓ બદલાઈ ગઈ છે. હવે રોજિંદા જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કવિએ ફૂલ અને કાંટાના વિરોધાભાસ દ્વારા જીવનની કડવી વાસ્તવિકતાને સરળ ભાષામાં અસરકારક રીતે રજૂ કરી છે. આ શેર દરેક એવા માણસની લાગણી બની જાય છે, જેણે જીવનમાં સુખના દિવસો પણ જોયા છે અને સંઘર્ષની કસોટીઓ પણ અનુભવી છે.

ત્રીજા શેરમાં બાળપણની નિર્દોષતા અને વર્તમાન જીવનની ગંભીરતા વચ્ચેનો તફાવત જોવા મળે છે.

રમતા રમતા દાવ આવે તો છટકી જતા ક્યારેક,
હવે જીંદગી લ્યે છે રોજ કેવા કેવા દાવ, ન પુછો.

આ શેર ગઝલનો અત્યંત અર્થસભર અને જીવનદર્શન કરાવતો શેર છે. બાળપણમાં રમતમાં હારવાનો કે મુશ્કેલ દાવ આવવાનો ભય હોય ત્યારે કોઈ બહાનું બનાવીને રમતમાંથી છટકી જતાં હતાં. એ સમયે રમત માત્ર મનોરંજન હતી. હાર-જીતનું કોઈ વિશેષ મહત્ત્વ નહોતું. પરંતુ જીવનની રમત કંઈક અલગ જ છે. અહીંથી છટકી શકાય તેમ નથી. જીવન દરરોજ નવી પરીક્ષાઓ લે છે, નવા પડકારો આપે છે અને માણસને સંજોગો સામે ઊભો રાખે છે. બાળપણના રમતિયાળ દાવ અને જીવનના કઠિન દાવ વચ્ચે કવિએ સુંદર સામ્ય સ્થાપિત કર્યું છે. જીવનની વાસ્તવિકતા સમજાવતો આ શેર વાચકને વિચારતા કરી મૂકે છે.

ચોથા શેરમાં વિયોગની વેદના અને એકલતાની લાગણી અત્યંત સંવેદનશીલ રીતે વ્યક્ત થઈ છે.

સાથ છૂટ્યો તમારો જ્યારે, સાંજ પડી ગઈ અચાનક, કેવી રીતે સંભાળુ છું હું આ ડુબતી નાવ, ન પુછો.

અહીં સાંજ માત્ર દિવસના અંતનું પ્રતીક નથી, પરંતુ જીવનમાં આવેલી નિરાશા, એકલતા અને અંધકારનું પ્રતીક છે. કોઈ આત્મીય વ્યક્તિનો સાથ છૂટી જાય ત્યારે જીવનની દિશા જ બદલાઈ જાય છે. જે વ્યક્તિની હાજરી જીવનને પ્રકાશિત કરતી હતી, તેના વિના બધું જ સૂનું લાગવા માંડે છે. કવિએ જીવનને ડૂબતી નાવ સાથે સરખાવીને પોતાની આંતરિક સ્થિતિનું સુંદર નિરૂપણ કર્યું છે. નાવને કિનારે પહોંચાડવાની જવાબદારી હવે એકલા હાથે નિભાવવી પડે છે. આ શેરમાં વિયોગની પીડા છે, પરંતુ સાથે સાથે પરિસ્થિતિ સામે ટકી રહેવાનો સંઘર્ષ પણ છે. ડૂબતી નાવનું રૂપક જીવનની અનિશ્ચિતતા અને માનવીની લાચારી બંનેને એકસાથે વ્યક્ત કરે છે.

પાંચમા શેરમાં ગઝલ વ્યક્તિગત સ્મૃતિઓમાંથી સંબંધોની વિશાળ દુનિયામાં પ્રવેશ કરે છે.

અચી ને યોગીની જોડી યાદ હંમેશાં રહેશે,
ક્યાંક હર્ષ અને ક્યાંક દુ:ખ બંનેનો એ ભાવ, ન પુછો.

આ શેરમાં અચી અને યોગીની જોડી સાથે જોડાયેલી સ્મૃતિઓનું ભાવસભર ચિત્રણ છે. કેટલીક વ્યક્તિઓ જીવનમાં માત્ર વ્યક્તિ બનીને આવતી નથી, પરંતુ પોતાની સાથે અનેક અનુભવો, લાગણીઓ અને યાદો લઈને આવે છે. તેમની સાથે વિતાવેલી ક્ષણોમાં ક્યારેક હાસ્ય હોય છે, તો ક્યારેક આંખોમાં ભીનાશ લાવતી યાદો હોય છે. સુખ અને દુ:ખ બંને જીવનના અભિન્ન અંગો છે. આ જોડીની સ્મૃતિમાં પણ હર્ષ અને વેદના બંનેનો સમન્વય જોવા મળે છે. કવિ અહીં સંબંધોની ક્ષણભંગુરતા વચ્ચે સ્મૃતિઓની શાશ્વતતાને ઉજાગર કરે છે. સમય આગળ વધી જાય છે, પરંતુ કેટલાક સંબંધો મનના આંગણે હંમેશાં જીવંત રહે છે.

ગઝલનો અંતિમ શેર તો વિશેષ કરીને શિક્ષકજીવનની આત્મીયતા અને શાળા-ત્યેના અતૂટ લગાવને વ્યક્ત કરે છે.

શાળા તમારી છે ને બાળકો છે હૃદયના ટુકડા,
સમય મળે તો આવવાનું કદી ન ભૂલાય, ન પુછો.

આ શેરમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેના પવિત્ર સંબંધની સુંદર અભિવ્યક્તિ છે. શાળા માત્ર ચાર દીવાલોવાળી ઈમારત નથી, પરંતુ શિક્ષકના જીવનની સંવેદનાઓ, અનુભવો અને સંસ્મરણોનું જીવંત ઘર છે. બાળકો શિક્ષક માટે માત્ર વિદ્યાર્થીઓ નથી હોતા, પરંતુ હૃદયના ટુકડા સમાન હોય છે. તેમની સાથે વિતાવેલી ક્ષણો, તેમનું નિર્દોષ હાસ્ય, તેમની જિજ્ઞાસા, તેમની પ્રગતિ અને તેમની નાની નાની સિદ્ધિઓ શિક્ષકના જીવનની અમૂલ્ય મૂડી બને છે.



સંવેદન

- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

શિક્ષક જ્યારે શાળાથી દૂર જાય છે અથવા કોઈ સંજોગવશાત્ શાળાનો સાથ છૂટે છે, ત્યારે પણ શાળા સાથેનો સંબંધ ક્યારેય સમાપ્ત થતો નથી. બાળકોના ચહેરા, વર્ગખંડની યાદો અને શાળાનું વાતાવરણ વારંવાર મનને પાછું ત્યાં ખેંચી જાય છે. કવિની આ પંક્તિમાં જાણે શાળાના આંગણે ફરી આવવાનું ભાવભર્યું આમંત્રણ છે. આ શેર શિક્ષકની લાગણી, જવાબદારી અને વિદ્યાર્થીઓ પ્રત્યેના નિ:સ્વાર્થ પ્રેમને સુંદર રીતે વ્યક્ત કરે છે.

પિનાકિનની આ ગઝલની સૌથી મોટી વિશેષતા તેની સરળતા અને સહજ સંવેદનશીલતા છે. ગઝલમાં ક્યાંય કૃત્રિમ શબ્દાડંબર જોવા મળતો નથી. રોજિંદા જીવન સાથે જોડાયેલાં પ્રતીકો દ્વારા કવિએ ઊંડા જીવનસત્યને વ્યક્ત કર્યું છે. ફૂલો, કાંટા, દાવ, સાંજ અને ડૂબતી નાવ જેવાં પ્રતીકો ગઝલના ભાવવિશ્વને સમૃદ્ધ બનાવે છે.

દરેક શેરમાં ન પૂછો શબ્દપ્રયોગની પુનરાવર્તનાત્મક રચના ગઝલને વિશેષ લય અને ભાવાત્મક ઊંડાણ આપે છે. આ શબ્દો જાણે કવિની એવી લાગણીઓનું પ્રતિનિધિત્વ કરે છે, જેને શબ્દોમાં સંપૂર્ણ રીતે વ્યક્ત કરી શકાય તેમ નથી. દરેક શેરમાં એક અલગ અનુભવ છે, પરંતુ તમામ શેરને જોડતી એક જ લાગણી છે—વીતેલા સમયની યાદ અને વર્તમાનની વાસ્તવિકતા.

આ ગઝલમાં ભૂતકાળની રંગીન યાદો છે, વર્તમાનના સંઘર્ષો છે, સંબંધોનો વિયોગ છે, મિત્રતાની આત્મીયતા છે અને શિક્ષકજીવનની અમૂલ્ય સંવેદનાઓ પણ છે. આમ, વ્યક્તિગત અનુભવોમાંથી જન્મેલી આ ગઝલ સાર્વત્રિક માનવીય લાગણીઓનું પ્રતિબિંબ બની રહે છે.

સમય ક્યારેય કોઈના માટે અટકતો નથી. ઉંમરના પડાવો બદલાય છે, સંબંધોનાં સરનામાં બદલાય છે, પરિસ્થિતિઓ બદલાય છે, પરંતુ હૃદયમાં વસેલી કેટલીક યાદો જીવનભર સાથ આપતી રહે છે. પિનાકિનની આ ગઝલ આપણને એ જ સમજાવે છે કે જીવન માત્ર સુખ કે દુ:ખનું નામ નથી, પરંતુ બંનેને સ્વીકારીને આગળ વધવાની એક અવિરત યાત્રા છે.

ગઝલ વાંચતાં વાચકને પોતાના જીવનના રંગીન દિવસો, જૂના મિત્રો, છૂટેલા સાથીઓ, સંઘર્ષભર્યા પ્રસંગો અને શાળાજીવનની યાદો તાજી થઈ આવે છે. કદાચ આ જ સાચી ગઝલની સફળતા છે કે કવિની લાગણી વાચકની પોતાની લાગણી બની જાય છે. ખરેખર, આ ગઝલ ભૂતકાળની સ્મૃતિઓનો એક ભાવસભર દસ્તાવેજ છે, જેમાં હાસ્યની પાછળ છુપાયેલાં આંસુઓ છે, વિયોગની પાછળ જીવંત સંબંધો છે અને સંઘર્ષની વચ્ચે પણ જીવન પ્રત્યેનો અતૂટ લગાવ છે. અંતે એટલું જ કહી શકાય કે સમય વીતી જાય છે, સાથ છૂટી જાય છે, પરંતુ લાગણીઓની સુગંધ ક્યારેય ઓછી થતી નથી. આ જ પિનાકિનની ગઝલનું સૌંદર્ય અને તેનું સાચું સાહિત્યિક મૂલ્ય છે.

તને જોઈ પ્રકૃતિ પણ ટહુકો કરી ઊઠે છે



શબ્દથી શબ્દ સુધી

રમેશ પટેલ, સુરત

તને જોઈ પ્રકૃતિ પણ ટહુકો કરી ઊઠે છે.તારા ગુલાબી ગાલ જોઈ ગુલાબ કહે તને હું તને પ્રેમ કરું છું! તારા ગાલ પરનો તલ એ મેં કરેલા ચુંબનની નિશાની છે.વાળની તારી ઊડતી લટ જોઈ પવન પાગલ બને છે. તારી ધવલ દંતાવલી જોઈ ડાડમ પણ શરમાઈ જાય છે. તારી લટક-મટકતી ચાલ જોઈ શેરી પણ તને એક નજર જોયા કરે છે ! તારા કોમળ હોઠ જોઈ કમળ પણ દંગ રહી જાય છે. તારો પ્રાણી પ્રેમ જોઈ ઈશ્વર પણ આનંદ અનુભવે છે. તને જોઈ વૃક્ષોના પર્ણો પણ તાળી પાડી ઊઠે છે. તને સમુદ્ર કિનારે રેતીમાં બેઠેલી જોઈ દરિયો પણ મોજાં બની ઉછળી ઉછળીને તારી નજીક આવી; તને ભીનું ભીનું સુંવાળું... પંપાળે છે. તારો રેશમિયા સ્વભાવ શરુવૃક્ષોને પણ ગમી ગયો છે..ભાવી ગયો છે. તારી કોમળતા જોઈ ફૂલ પણ મહેકી ઊઠે છે. તારા કાનમાં પક્ષીઓને માળો કરી રહેવાનું મન થાય છે!

હું ચિત્રકાર હોઉં તો તારું ચિત્ર મોનાલીસાના સ્મિતને પણ ભુલવી પણ ;તું સદાય શકું એવું દોરી શકું મારી નજીક જ છું ! મને તારો હોય એવી અવાજ મંદિરમાં અનુભૂતિ હું થતી ઘંટડીના અવાજ જેવો જ સતત કરું છ

અન્ય સમાચારો

વાપીના જીએસટી અધિકારીને રતલામમાં અકસ્માત થયો અને ચમત્કાર સર્જાયો

જીએસટી અધિકારી દિવાળી વેકેશનમાં પરિવાર સાથે સુરતથી રાજસ્થાનના શ્રીગંગાનગર જઈ રહેલા અધિકારીની કારમાંથી રૂ.૫૪.૫૦ લાખની રોકડ અને દાગીના મળી આવતાં આશ્ચર્ય સર્જાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૬ : વાપીમાં ફરજ બજાવતા GST અધિકારી પ્રવીણ મીણાની કાર મધ્યપ્રદેશના રતલામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર પુલ નીચેથી ખાબકતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. દિવાળીની રજાઓમાં સુરતથી રાજસ્થાનના શ્રીગંગાનગર જઈ રહેલા પરિવારની કાર સાંજે આશરે પૌને૫ વાગ્યે અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં GST અધિકારીની પત્ની અને બે માસૂમ



બાળકો ગંભીર રીતે ઘાયલ થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માાતગ્રસ્ત કારમાંથી પોલીસને રૂ.૫૦૦ અને રૂ.૨૦૦ની નોટોના બંડલ સહિત આશરે રૂ.૫૪.૫૦ લાખની રોકડ રકમ અને મોટી માત્રામાં સોનાનાં દાગીના મળી આવતાં સમગ્ર મામલો ચર્ચાસ્પદ બન્યો છે. અકસ્માત બાદ પોલીસ દ્વારા રોકડ અને દાગીનાને કબજામાં લઈ તેની તપાસ શરૂ કરવામાં આવી છે. આટલી મોટી રોકડ રકમ ક્યાંથી આવી અને તેનો સ્રોત શું છે તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અકસ્માતની તપાસની સાથે રોકડ રકમના સ્રોત અંગે પણ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

વાપીમાં ગાંધી સર્કલથી ઇમરાનગર મસ્જિદ સુધીના બંને સર્વિસ રોડ તૈયાર





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૬ : વાપીના મહાત્મા ગાંધી સર્કલથી સેલવાસ તરફ જતા માર્ગ પર રેલવે ઓવરબ્રિજની કામગીરીને કારણે ખોદી નાખવામાં આવેલા બંને સર્વિસ રોડનું કામ પૂર્ણ કરવામાં આવતા સ્થાનિક રહીશો, વાહનચાલકો અને રાહદારીઓને મોટી રાહત મળી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાપીના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોને જોડતા રેલવે ઓવરબ્રિજની કામગીરી દરમિયાન વાપી-સેલવાસ રોડ પર મહાત્મા ગાંધી સર્કલથી ઈમરાનગર તરફ જતા માર્ગના બંને તરફ ખોદકામ કરવામાં આવ્યું હતું. જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ તેમજ આસપાસના દુકાનદારો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા.

આ અંગે સ્થાનિક લોકો દ્વારા મ્યુનિસિપલ કમિશનર, મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે દિવાળી પહેલાં જ રસ્તાનું કામ પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી હતી.

જેના અનુસંધાને છેલ્લા બે દિવસ દરમિયાન મહાત્મા ગાંધી સર્કલથી ઈમરાનગર મસ્જિદ સુધીના બંને સર્વિસ રોડનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. રસ્તા બનતા જ વાહનચાલકો અને રાહદારીઓની અવરજવર સરળ બની છે અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

દિવાળી પર્વે વલસાડ એસટી રોજ ૬૦ એક્સ્ટ્રા બસો દોડાવી રહી છે

મુસાફરોના ધસારાને પહોંચી વળવા તમામ ૬ ડેપો દ્વારા વિશેષ આયોજન : વેકેશન પૂર્ણ થાય ત્યાં સુધી વિદ્યાર્થી ટ્રીપો બંધ કરી એક્સપ્રેસ અને લોકલ બસોનું વધારાનું સંચાલન કરાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૬ : દિવાળીના મહાપર્વની પરિવાર સાથે ઉજવણી કરવાનો દરેક વ્યક્તિના મનમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળતો હોય છે, રોજી રોટીની શોધમાં પોતાના પરિવારથી દૂર આવતા લોકો પણ આ પર્વમાં પોતાના ઘર ભેગા થતા હોય છે, જેઓને પોતાના વતન કે ગામડે પહોંચવામાં સરળતા પડે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના વલસાડ એસટી વિભાગ દ્વારા વધારાની બસો દોડાવવામાં આવી રહી છે. જેનો મોટી સંખ્યામાં મુસાફર જનતા લાભ લઈ રહી છે.

દિવાળીના તહેવારોમાં વતનમાં જવા માટે મુસાફરોના ધસારાને ધ્યાનમાં લઈ જરૂરીયાત અનુસાર એકસ્ટ્રા બસોનું આયોજન વલસાડ એસટી વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. જે અંગે માહિતી આપતા વલસાડ એસટીના વિભાગીય નિયામક એસ.પી.માત્રોજા જણાવે છે કે, વલસાડ એસટી ડિવિઝનના તમામ ડેપો દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને લઈ તા.૦૧/૧૧/૨૦૨૬ થી તા.૦૫/૧૧/૨૦૨૬ સુધી આહવા ડેપોથી સુરત, ચીખલી, વાપી, વલસાડ, સોનગઢ, લુણાવાડા, બીલીમોરા ડેપોથી આહવા, વલસાડ- નવસારી, બારડોલી, અમદાવાદ, દાહોદ, ધરમપુર ડેપોથી સુરત, અમદાવાદ, દાહોદ, નવસારી ડેપોથી બારડોલી-છોટાઉદેપુર, નાશિક, ધરમપુર, સુરત -વાપી, લીમખેડા તેમજ ગાંધીધામ, લુણાવાડા અને બોરીયા માટેનું ગ્રુપ બુકિંગથી બસ સર્વિસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. વલસાડ ડેપોથી આહવા, નાશિક, દાહોદ અને વાપી ડેપોથી અંકલેશ્વર, દાહોદ, નાશિક સુધી એકસ્ટ્રા સંચાલન કરવામાં આવ્યું છે. જેમાં આજદિન સુધીમાં કુલ ૧૩૮ ટ્રીપ, ૨૭૩૮૬ કિ.મી નું સંચાલન કરી કુલ રૂ. ૮,૦૦,૬૯૮ ની આવક મેળવી છે.

એસટીના વિભાગીય નિયામક માત્રોજાએ વધુમાં જણાવ્યું કે, ઉપરોક્ત દિવાળી એકસ્ટ્રા સંચાલન હાલમાં ચાલુ રાખવામાં આવશે તેમજ વિભાગના તમામ ૬ ડેપો દ્વારા દૈનિક ૧૦-૧૦ બસો મળી કુલ ૬૦ બસોનું એકસ્ટ્રા સંચાલન દરમ્યાન દૈનિક મુસાફરો ધસારાના ધ્યાને લઈ આયોજન કરવામાં આવશે. નવા વર્ષ બાદ ભાઈબીજ થી લઈ વેકેશન પુર્ણ થાય ત્યાં સુધી તમામ ડેપો દ્વારા તમામ વિદ્યાર્થી ટ્રીપો બંધ કરી એકસ્ટ્રા એક્ષપ્રેસ/લોકલ બસોનું સંચાલન કરવામાં આવશે જેનો તમામ મુસાફરો દ્વારા લાભ લેવા વિનંતી છે.

દમણની અન્વેષાને ચેન્નઈમાં MBBSમાં ગોલ્ડ મેડલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૬ : દમણ માટે ગૌરવની ક્ષણ સમાન સિદ્ધિમાં દમણની પ્રતિભાશાળી વિદ્યાર્થીની અન્વેષા આર. પઢીએ MBBS અભ્યાસક્રમમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શન કરીને પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. શ્રી લક્ષ્મી નારાયણ મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ (SLIMS), ભારત યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૦૨૬ની MBBS બેચમાં સર્વોચ્ચ ગુણ મેળવવા બદલ તેમને આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. ચેન્નાઈ સ્થિત ભારત યુનિવર્સિટીના મેડિકલ કેમ્પસ ખાતે ૨ નવેમ્બરના રોજ યોજાયેલા ૪૪મા વાર્ષિક પદવીદાન સમારોહમાં ભારત સરકારના નેશનલ મેડિકલ કમિશનના ચેરમેન ડૉ. અભિજાત ચંદ્રકાંત શેઠના હસ્તે અન્વેષાને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

સાડા પાંચ વર્ષના MBBS અભ્યાસ દરમિયાન અન્વેષાએ તમામ પ્રોફેશનલ પરીક્ષાઓમાં સર્વોચ્ચ કુલ ગુણ મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી હતી. ઓવરઓલ ગોલ્ડ મેડલ ઉપરાંત તેમને જનરલ સર્જરી, પીડિયાટ્રિક્સ, ગાયનેકોલોજી, ફાર્માકોલોજી, પેથોલોજી અને એનાટોમી જેવા વિષયોમાં પણ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયું હતું. અન્વેષાએ પોતાની સફળતાનો શ્રેય ભગવાન જગન્નાથ, સંસ્થાના પ્રાધ્યાપકો અને પરિવારજનોને આપ્યો હતો. ભવિષ્યમાં ન્યુરોલોજી અથવા જનરલ સર્જરી ક્ષેત્રે વિશેષતા મેળવી દર્દીઓની સેવા કરવાની તેમની ઇચ્છા છે.

દમણની દીકરીએ રાષ્ટ્રીય સ્તરે શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલી આ સિદ્ધિથી સમગ્ર દમણમાં ગૌરવ અને આનંદની લાગણી ફેલાઈ છે.

મોદીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીનો મહત્વપૂર્ણ નિર્ણય

વ્યારા સુગરના ૮૫૦થી વધુ ખેડૂતોના બાકી લેણાંના રૂ. ૭.૧૪ કરોડ ચૂકવાશે

દિવાળી પહેલા નાણા સીધા ખેડૂતોના બેંક ખાતામાં જમા થશે : પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા. ૦૬ : પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે, શ્રી ઉકાઈ -દેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડ (વ્યારા સુગર)ના ખેડૂતોની આર્થિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે લોકહિતકારી કદમ ઉઠાવ્યું છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, વ્યારા સુગર દ્વારા શેરડીના નાણાં સમયસર ચૂકવી ન શકાતા ખેડૂત ભાઈઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

ખેડૂતોના આ પ્રશ્નની ગંભીરતા સમજીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શનમાં સરકારે તાત્કાલિક ધોરણે ખેડૂતોની વ્હારે આવવાનો નિર્ણય કર્યો છે, જેથી દિવાળી જેવા પવિત્ર તહેવાર પર કોઈ પણ ખેડૂત પરિવાર ચિંતામાં ન રહે.

રાજ્ય સરકારે ખેડૂતો માટે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવીને આશરે ૮૫૦થી વધુ ખેડૂતોને રૂપિયા ૭.૧૪ કરોડ જેટલી માતબર રકમ શેરડીના બાકી નાણાં પેટે સીધી ચૂકવી દેવાનો નિર્ણય કર્યો છે. આ નાણા દિવાળી પૂર્વે જ સીધા ખેડૂતોના બેંક ખાતામાં ચૂકવી દેવામાં આવશે. આદિવાસી વિસ્તારના ખેડૂતોના આ પ્રશ્નના નિરાકરણ માટે મંત્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી જયરામભાઈ ગામીત, પૂર્વ મંત્રી ગણપતભાઈ વસાવા સહિતના આદિવાસી નેતાઓના વિશેષ પ્રયત્નોને સફળતા મળી છે.

પ્રવક્તા મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારનું મુખ્ય ધ્યેય હંમેશાં ખેડૂત સશક્તિકરણ અને ખેડૂતોના ચહેરા પર સ્મિત લાવવાનું રહ્યું છે.

શેરડીના આ બાકી નાણાં સમયસર મળી જવાથી ખેડૂત મિત્રો પોતાના પરિવાર સાથે ખૂબ જ ઉત્સાહ અને આનંદથી દિવાળીની ઉજવણી કરી શકશે. મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર હંમેશાં અન્નદાતા ખેડૂતોની પડખે મક્કમતાથી ઊભી છે અને ખેડૂતોના પરિશ્રમનું યોગ્ય મૂલ્ય ચૂકવવા માટે પૂર્ણપણે કટિબદ્ધ છે.

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com



વાંસદામાં દિવાળીનું હાટબજાર જામ્યું

વાંસદા પંથકમાં દર શુક્રવારે હાટ બજાર ભરાય છે પણ તહેવારોના દિવસોમાં બજારમાં વધુ ભીડ જામતી હોય છે. જેમાં હાલ દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે દિવાળીના આગલા શુક્રવારના રોજ વાંસદામાં ભરાયેલા હાટ બજારમાં હજારોની જનમેદની ઉમટી પડી હતી. વાંસદા, નવસારી, ડાંગ, વલસાડ, સુરત સહિત મહારાષ્ટ્રથી નાનામોટા અનેક વેપારીઓએ પોતાની દુકાન અને સ્ટોલ લગાવી સારીએવી રોજગારી મેળવી હતી.

'આજ દિવાળી, કાલ દિવાળી....દિવાળીનું મેરિયું'

વલસાડ જિલ્લામાં દિવાળીના દિવસે ફરતા મેરાયાની પરંપરા આજે જીવંત

શેરડીના સાંઠા કે થીઢણનો લાકડો નો કટકો કરી, ઉભા ચીરીયા કરી તેમાં રાખવામાં આવે છે દીવો : ફળિયામાં અને પાંચ ઘરે મેરાયું લઈને નાના બાળકો નીકળે અને તેલ પુરાવવાનો રીવાજ

(મનોજ ભંડારી દ્વારા)

વાપી, તા. ૦૬ : દિવાળી એટલે પ્રકાશનો પર્વ. ભગવાન શ્રી રામ વનવાસ બાદ અયોધ્યા નગરીમાં પરત ફર્યા ત્યારે અયોધ્યામાં લોકો ઘરે ઘરે દીવા પ્રગટાવી શ્રી રામના આગમનની ઉજવણી કરી હતી.

ત્યારથી આજે પણ દિવાળીના દિવસે ઘરે-ઘરે દીવા પ્રગટાવવાની પરંપરા છે. આ સાથે અન્ય અનેક પરંપરાઓ પણ છે. દક્ષિણ ગુજરાત અને વલસાડ જિલ્લા ના અનેક ગામડાઓમાં આ પરંપરા આજે જીવંત છે. જ્યારે ક્યાંક આ પરંપરા લુપ્ત પણ થઈ રહી છે. આવી જ એક પરંપરા છે મેરાયા. દિવાળીના દિવસે મેરાયું કરવાની પરંપરા છે. આ મેરાયું શેરડીના સાઠામાંથી કે ઢીઢણના લાકડા માંથી તૈયાર કરવામાં આવે છે. જેને

મેરાયું કહેવાય છે એ મશાલ જેવું હોય છે. જે દિવાળીના દિવસે બનાવવામાં આવે છે. લાકડાને ચીરવામાં આવે છે. તેની વચ્ચે કોળિયું મૂકી તેમાં દીવો પ્રગટાવવામાં આવે છે. અને ઘરના નાના બાળકો આ મેરાયુ લઈને ઘરે ઘરે ફરે છે અને મેરાયોમાં તેલ પુરાવે છે તેમજ તેઓને ફળિયામાંથી તથા ઘરના મોભીઓ યથાશક્તિ મુજબ રોકડા રૂપિયા પણ આપે છે

અનેક ગામોમાં દિવાળીના દિવસે નવોઢા સ્ત્રી અને આ વર્ષે જન્મેલા બાળકોને લઈને પાંચ ઘરે મેરાયું લઈને તેલ પુરાવવા જવાનો રીવાજ પ્રચલિત છે. જ્યારે મેરાયું ઘરના ઢોરના વાળમાં બતાવવામાં આવે છે. જેથી માલ ઢોર અને બકરી તેમજ મરઘીઓને રોગચાળો ન થાય તેવી માન્યતા પણ છે.

બીજી અન્ય એક માન્યતા એવી છે કે, મેરાયાની જલતી જ્યોતિ પર ઘરની મહિલાઓ તાંસળી રાખી, મેશ પાડી છોકરાઓની આંખમાં આંજવાથી આંખનું તેજ વધે છે. તેવી પણ માન્યતા છે.

જન્મેલા બાળકનો દીપક સતત ઝળહળતો રહે, તે દીર્ઘ આયુષ્યનો થાય, ઘરનો કુળ દીપક બંને તેવી આશા સાથે મેરાયું લઈને ઘરે-ઘરે જવાની પરંપરા ગ્રામ્ય સંસ્કૃતિમાં આંશિક રીતે પ્રવર્તે છે.

વલસાડમાં દિવાળી પર્વે 'સ્વદેશી'નો દબદબો

૫૦ જેટલા સ્ટોલ પર સખીમંડળની બહેનોએ ઘરેલુ અને હસ્તકલા ઉત્પાદનોનું વેચાણ કર્યું : ૧૦ દિવસમાં ૧૪ લાખથી વધુનો વેપાર થયો





(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

વલસાડ, તા. ૦૬ : ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ (શહેરી આજીવિકા મિશન GULM) દ્વારા સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી માટે ભાર મુકવામાં આવી રહ્યો છે જે અંતર્ગત વલસાડ નગરપાલિકા દ્વારા અવસર પાર્ટી પ્લોટ, સી.બી સ્કૂલના ગ્રાઉન્ડ ખાતે 'સ્વદેશી મેળો ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦ દિવસીય આ સ્વદેશી મેળાની સફળ પૂર્ણાહુતી સાથે સ્થાનિક મહિલા શક્તિનું પ્રભાવશાળી પ્રદર્શન પણ જોવા મળ્યું હતું. માત્ર ૧૦ દિવસમાં ૧૪ લાખથી વધુનો વેપાર થતા હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી અને સર્જનથી સમૃદ્ધિ નો મંત્ર સાકાર થયો છે.

તા. ૨૮ ઓક્ટોબર થી ૦૬ નવેમ્બર દરમિયાન યોજાયેલા આ ૧૦ દિવસીય મેળામાં આશરે ૫૦ જેટલા સ્ટોલ્સ પર સખીમંડળની બહેનોએ પોતાના ઘરેલુ અને હસ્તકલા ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કર્યું હતું. માત્ર ૧૦ દિવસમાં ૧૪ લાખ રૂપિયાથી વધુનો વેપાર એ સ્થાનિક ઉત્પાદનો પ્રત્યે લોકોના વિશ્વાસ અને મહિલાઓની મહેનતનું પ્રતીક છે.

અબ્રામા વિસ્તારમાં રહેતા હેતલબેન અને યોગીતાબેને નાગલીના પાપડ, વેફર, ચકરી તેમજ વશીયર વિસ્તારમાં રહેતા અર્ચનાબેને તોરણ, દીવા, ઘર સજાવટની વસ્તુઓ વેચીને અંદાજે ૧૫ હજાર જેટલી આવક મેળવી છે. અન્ય બહેનોએ પણ અનેક પ્રકારની હાથથી બનાવેલી વસ્તુઓનું વેચાણ કર્યું હતું. આ પ્રેરણાદાયી ઉદાહરણ દર્શાવે છે કે, પરંપરાગત સજાવટ અને પૌષ્ટિક આહાર વસ્તુઓ આજે પણ બજારમાં મજબૂત સ્થાન ધરાવે છે.

વલસાડના વાવડી વિસ્તારમાં રહેતા હીનાબેન ભંડારી અને ખુશ્બુબેન પટેલ જણાવ્યું કે, હેન્ડમેડ બંગડીઓ, ઉનમાંથી બનાવેલી અવનવી વસ્તુઓ, સેટ અને એરિંગ્સ જેવી વસ્તુઓને સારો પ્રતિસાદ મળ્યો અને અંદાજે રૂ. ૧૦ હજાર જેટલી આવક થઈ છે. વિના મૂલ્યે સ્ટોલ ફાળવવા બદલ અમે સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ. આ મેળામાં લસણની ચટણી, અથાણાં, મિલેટ્સની મીઠાઈઓ અને નાગલીના પાપડ જેવી ચીજવસ્તુઓ લોકપ્રિય રહી હતી. શુદ્ધ અને પૌષ્ટિક આહાર પ્રત્યે વધતી જાગૃતિ વચ્ચે મિલેટ આધારિત વાનગીઓએ વિશેષ આકર્ષણ મેળવ્યું હતું. આ મેળો માત્ર વેપાર પૂરતો સીમિત રહ્યો ન હતો, પરંતુ પર્યાવરણ જાગૃતિનો સંદેશ પણ આપ્યો હતો. લીમડા, કેસુડા અને ચંદનથી બનેલા કેમિકલમુક્ત કોસ્મેટિક્સ તેમજ વાંસમાંથી બનાવેલ કલાત્મક ઘર સજાવટની વસ્તુઓએ પણ મુલાકાતીઓનું ધ્યાન ખેંચ્યું હતું. આ સ્વદેશી મેળાએ મહિલાઓમાં આત્મવિશ્વાસ વધાર્યો છે અને મહિલા સશક્તિકરણનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે.



જન્મ દિવસની હાર્દિક શુભેચ્છા



જીયાન સચિન જૈન
પિતાનું નામ : સચિન જૈન
જન્મ : ૦૭/૧૧/૨૦૨૬
સ્થળ : વાપી

અન્ય સમાચારો

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

NOTICE INVITING E-PROCUREMENT TENDER
Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.

www.dnhtenders.gov.in
ee-elec dnh@ddd.gov.in
026-2406500

e- PTN No. : 34/2026-27/777
Tender ID No. : 2026_UTDNH_8325_1
Last date of download : 25/11/2026 at 12:00 hrs.
Last date of online submission : 25/11/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 25/11/2026 till 15:00 hrs.
Name of work - Procurement of Various capacity of 66KV Current Transformers for 66/11 KV Sub-stations entire in DNH & DD

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa

NO.: IP/DMN/2/5/2026-27/624 DATED : 6/11/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

NOTICE INVITING E-PROCUREMENT TENDER
Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.

www.dnhtenders.gov.in
ee-elec dnh@ddd.gov.in
026-2406500

e- PTN No. : 41/2026-27/758
Tender ID No. : 2026_UTDNH_8320_1
Last date of download : 13/11/2026 at 12:00 hrs.
Last date of online submission : 13/11/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 13/11/2026 till 15:00 hrs.
Name of work - Procurement of insulated Trans-former Oil

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa

NO.: IP/DMN/2/5/2026-27/622 DATED : 6/11/2026

મહેરબાન પારડીના જુડી. (ફ.ક.) મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પારડી

પ.અ. નં.૬૩૨/૨૦૨૬

અરજદાર : માંગેલા કલાવતીબેન હરિકૃષ્ણ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રી, ઉમરગામ

:: જાહેર નોટીશ ::

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમની પુત્ર નામે અનિલ હરિકૃષ્ણભાઈ ટંડેલનો જન્મ ઉમરસાડી દેસાઈવાડમાં તારીખ ૧૯/૦૫/૧૯૭૪નાં રોજે થયેલા હોવાની હકીકત જણાવી તે જન્મની નોંધ, ગ્રામ પંચાયત ઉમરસાડી દેસાઈવાડ, તા.પારડી, જી. વલસાડમાં કરાવવાની રહી ગયેલ છે. જે જન્મની નોંધ સરકારી રેકર્ડ દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહું અરજીની સુનાવણી ઠરાવ તારીખ ૧૭/૧૧/૨૦૨૬નાં રોજ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમને સદરહું અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬મી માહે નવેમ્બર સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ટેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર કમ નાઝર

મહેરબાન પારડીના જુડી. (ફ.ક.) મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પારડી

પ.અ. નં.૬૪૭/૨૦૨૬

અરજદાર : ઉર્મિલાબેન કિશોરભાઈ નાયકા
વિરુધ્ધ
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, તલાટી કમ મંત્રી, બાલદા, તા.પારડી, જી.વલસાડ

:: જાહેર નોટીશ ::

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમની સાસુ નામે નીરૂબેન શંકરભાઈ નાયકાનું બાલદા, તા.પારડીમાં તારીખ ૦૬/૦૮/૧૯૯૩નાં રોજે થયેલા હોવાની હકીકત જણાવી તે મરણની નોંધ, તલાટી કમ મંત્રી, બાલદા, તા.પારડી, જી. વલસાડમાં કરાવવાની રહી ગયેલ છે. જે મરણની નોંધ સરકારી રેકર્ડ દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહું અરજીની સુનાવણી ઠરાવ તારીખ ૨૩/૧૧/૨૦૨૬નાં રોજ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમને સદરહું અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬મી માહે નવેમ્બર સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ટેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર કમ નાઝર

મહેરબાન પારડીના જુડી. (ફ.ક.) મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પારડી

પ.અ. નં.૬૪૮/૨૦૨૬

અરજદાર :રણજીતભાઈ ચીમનભાઈ સોલંકી

વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા, તા.પારડી, જી.વલસાડ

:: જાહેર નોટીશ ::

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પિતા નામે ચીમનભાઈ મોતીભાઈ સોલંકી છે. જેનો મરણ પારડી, તા.પારડીમાં તા.૧૫/૦૧/૨૦૦૭નાં રોજે થયેલા હોવાની હકીકત જણાવી તે મરણની નોંધ, ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા, તા.પારડી, જી.વલસાડમાં કરાવવાની રહી ગયેલ છે. જે મરણની નોંધ સરકારી રેકર્ડ દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહું અરજીની સુનાવણી ઠરાવ તારીખ ૨૩/૧૧/૨૦૨૬નાં રોજ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમને સદરહું અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬મી માહે નવેમ્બર સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ટેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર કમ નાઝર

જાહેર નોટીસ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

જાહેર નોટીસ અરજદારના વ.શ્રી. એમ.એલ. પટેલ
ફો.પ.અ.નં.૮૪૬/૨૦૨૬
મુદત તારીખ - ૨૧/૧૧/૨૦૨૬

અરજદાર : નીતિનભાઈ ભુલાભાઈ યાદવ, ઉ.વ. ૫૧, ધંધો ખેતી, રહે. ૧૫૦૩/૦, કુંભારવાડ પાસે સંતોષીમાતા મંદિર પાસે, વાપી તા.વાપી જી.વલસાડ

વિરુધ્ધ

સામાવાળા : જન્મ-મરણ સબ રજીસ્ટાર સાહેબશ્રી વાપી મહાનગરપાલિકા વાપી

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૪૬/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના કાકાના નામે **બાબુભાઈ જગાભાઈ પટેલનું** મરણ ૦૩/૦૫/૨૦૦૯ના રોજ મુ.પો. વાપી મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી.જેથી અરજદારના કાકાની મરણની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના કાકાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૧-૧૧-૨૦૨૬નાં રોજ સવારે ૧૦.૪૫ કલાકે જાતે તથા/અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૨૨મી માહે ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- (એમ.બી. મણવર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર અને હુકમથી સહી/- (પી.પી. વૈષ્ણવ) સુપ્રિન્ટેન્ડન્ટ

મહેરબાન પારડીના જુડી. (ફ.ક.) મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પારડી

પ.અ. નં.૬૩૮/૨૦૨૬

અરજદાર : દર્શનભાઈ પરેશભાઈ પટેલ, ઉ.આ.વ.૪૧, ધંધો-નોકરી રહે.સડક ફળિયા, મોટા વાઘછીપા, તા.પારડી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, તલાટી કમમંત્રી, મોટા વાઘછીપા, તા.પારડી, જી.વલસાડ

:: જાહેર નોટીશ ::

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના દાદા નામે મોરારભાઈ કાનાભાઈ પટેલ છે. જેનો મરણ મોટા વાઘછીપા, તા.પારડીમાં તા.૨૭/૧૨/૨૦૦૦નાં રોજે થયેલા હોવાની હકીકત જણાવી તે મરણની નોંધ તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત મોટા વાઘછીપા, તા.પારડી, જી.વલસાડમાં કરાવવાની રહી ગયેલ છે. જે મરણની નોંધ સરકારી રેકર્ડ દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહું અરજીની સુનાવણી ઠરાવ તારીખ ૨૩/૧૧/૨૦૨૬નાં રોજ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમને સદરહું અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬મી માહે નવેમ્બર સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ટેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર કમ નાઝર

મહેરબાન પારડીના જુડી. (ફ.ક.) મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પારડી

પ.અ. નં.૬૪૫/૨૦૨૬

અરજદાર : ઉર્મિલાબેન કિશોરભાઈ નાયકા
વિરુધ્ધ
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, તલાટી કમ મંત્રી, બાલદા, તા.પારડી, જી.વલસાડ

:: જાહેર નોટીશ ::

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમની સસરા નામે શંકરભાઈ રવીયાભાઈ નાયકાનું મરણ બાલદા, તા.પારડીમાં તારીખ ૩૦/૧૧/૧૯૮૫નાં રોજે થયેલા હોવાની હકીકત જણાવી તે મરણની નોંધ, તલાટી કમ મંત્રી, બાલદા, તા.પારડી, જી. વલસાડમાં કરાવવાની રહી ગયેલ છે. જે મરણની નોંધ સરકારી રેકર્ડ દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહું અરજીની સુનાવણી ઠરાવ તારીખ ૨૬/૧૧/૨૦૨૬નાં રોજ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમને સદરહું અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬મી માહે નવેમ્બર સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ટેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર કમ નાઝર

મહેરબાન પારડીના જુડી. (ફ.ક.) મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પારડી

જ.પ.અ. નં.૬૪૩/૨૦૨૬

અરજદાર : જયશ્રીબેન મહેન્દ્રભાઈ પટેલ
વિરુધ્ધ
સામાવાળા : ચીફ ઓફિસર, નગરપાલિકા, તા.પારડી, જી.વલસાડ

:: જાહેર નોટીશ ::

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમની સગી નાની બહેન દક્ષાબેન નારણભાઈ ચૌધરીનો જન્મ પારડી, તા.પારડીમાં તારીખ ૧૬/૦૩/૧૯૬૮નાં રોજે થયેલા હોવાની હકીકત જણાવી તે જન્મની નોંધ, ચીફ ઓફિસર, નગરપાલિકા, તા.પારડી, જી. વલસાડમાં કરાવવાની રહી ગયેલ છે. જે જન્મની નોંધ સરકારી રેકર્ડ દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહું અરજીની સુનાવણી ઠરાવ તારીખ ૧૬/૧૧/૨૦૨૬નાં રોજ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમને સદરહું અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬મી માહે નવેમ્બર સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ટેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર કમ નાઝર



UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

NOTICE INVITING E-PROCUREMENT TENDER
For Expression of Interest (EOI) Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd., as per details mentioned beloe.

www.dnhtenders.gov.in
ee-elec dnh@ddd.gov.in
026-2406500

e- PTN No. : 42/2026-27/762
Tender ID No. : 2026_UTDNH_8319_1
Last date of download : 13/11/2026 at 12:00 hrs.
Last date of online submission : 13/11/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 13/11/2026 till 15:00 hrs.
Name of work - Expression of Interest (EOI) for Empanelment of Agencies for Design, Engineering, Sup-ply, Installation, Testing and Commissioning of 1-1.08 KWp Grid Connected Rooftop Solar PV Plants under PM Surya Ghar : Muft Bijli Yojna (PMSG:MBY) - ULA Model for PMAY-G Beneficiaries, including Comprehensive Operation & Maintenance for 5 Years, at the discvered tender rates.

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa

NO.: IP/DMN/2/5/2026-27/623 DATED : 6/11/2026

સંઘ પ્રદેશ દા.ન.હ. તથા દ.દી. પ્રશાસન, શિક્ષણ નિયામકની કચેરી, દમણ- ૩૯૬૨૨૦

જાહેરાત ક્રમાંક DOE/DD/RTE/25% Adm-2027/2026-27/4291 તારીખ : ૦૫-૧૧-૨૦૨૬

શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ માટે ધો.૧માં પ્રવેશ (ખાનગી બિન-અનુદાનિત શાળાઓમાં ૨૫%અનામત બઠકો) માટે RTEએક્ટ-૨૦૦૯ની કલમ ૧૨(૧)સી) હેઠળ અરજીઓ મંગાવવામાં આવે છે.

પ્રારંભ તારીખ	૦૫-૧૧-૨૦૨૬
અંતિમ તારીખ	૩૧-૧૨-૨૦૨૬

NO.: IP/DMN/2/5/2026-27/621 DATED : 6/11/2026

જાહેર નોટીસ

એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

જન્મ-મરણ કેસ નં.૧૨૫/૨૦૨૬

અરજદાર : વિજયભાઈ ડાહ્યાભાઈ પટેલ
બોરીપાડા ફળિયા, કાકડકોપર, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કાકડકોપર, તા.નાનાપોંઢા, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ગુલબીબેન ડાહ્યાભાઈ પટેલનો** મરણ તા.૧૫/૦૩/૨૦૧૯ના રોજ મોજે કાકડકોપર, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કાકડકોપરના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કાકડકોપરને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કાકડકોપર ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો | હુકમથી સહિ/- (એન.ઝેડ. ચૌરા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા તા.નાનાપોંઢા, જી.વલસાડ







TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૦૮:૦૦ થી બપોરના ૦૬:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
શુક્રવાર ૧૩/૧૧/૨૦૨૬	દાદરા	(૬૬/૧૧ કેવી દાદરા સબસ્ટેશન સાથે જોડાયેલા તમામ ગ્રાહકો)	૬૬/૧૧ કેવી દાદરા સબસ્ટેશન વિસ્તારના તમામ ગામો/વિસ્તારો. સીએમસી ગલી, ગ્રેઅર અને વેઈલ ગલી, સંદીપ ગલી અને નહેર વિસ્તાર, નોવા આઈ.ઈ., ડુગ્ગર, નેરો ફ્લિક્સ વિસ્તાર અને શ્રદ્ધા આઈ.ઈ. વિસ્તાર, સિલવાસા-વાપી મુખ્ય માર્ગ વિસ્તાર, સાંઈ કોમ્પ્લેક્સ વિસ્તાર, દાદરા ગાર્ડન વિસ્તાર, ટાઉન વિસ્તાર, બ્લુસ્ટાર ગલી અને ગ્લોમોર આઈ.ઈ., ઉદ્યોગી સેફ્ટી ગલી, વલસાડ ફળિયા, ઓલ્ડ પ્રિન્સ પાઈપ વિસ્તાર, સ્પાઈરલ ફ્લેક્સ/નિશાત મોલ્ડિંગ વિસ્તાર, યુરો ડેકોર વિસ્તાર અને મહેન્દ્ર શાહ ડીટી વિસ્તાર, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, (સી.એચ.સી. દાદરા) રતન પેટ્રોલ પંપ વિસ્તાર, જરીયા મોરા, સુરત ગલી, હની ઈન્ડિયા વિસ્તાર, ભૂમિ યાર્ન વિસ્તાર, લતા ઈન્ડ. વિસ્તાર, દોશી આઈ.ઈ., અંકુર આઈ.ઈ., ગોલ્ડ જ્યોતિ, સંદીપ એક્સપ્રેસ ફીડર, રેપિયર, ઈગલ, ડેમની ગામ, ડેમની રોહિત ફળિયા, ડેમની સ્કૂલ ફળિયા, સિદ્ધા આઈ.ઈ., નેશનલ ફાઈબર, ઓઆઈડીસી, ડબલ્યુટીપી, બરોડા પેકેજીંગ ગલી, CMC, દેવાશિષ પોલિમર રોડ, વિમલ ઈન્ડ., હેમ ઈન્ડ., રેડકોમ ગલી, મારુતિ પોલીફિલ્મ ગલી, કલાબી આઈ.ઈ., રાજીવ પ્લાસ્ટિક ગલી, પ્રિન્સ બફિંગ ઈન્ડ, ભગવતી તીર્થ ઈન્ડ., ખાંડેવલ રોડ, સિદ્ધિવિનાયક ઈન્ડ. ગલી, સ્ટાર મેટલ ઈન્ડ., રિદ્ધિ સિદ્ધિ ઈન્ડ. રોડ, પંચાયત રોડ, ગ્લાસવુડ સિયાલિટી રોડ. એક્સપ્રેસ ફીડર્સ: ૬૬/૧૧ કેવી દાદરા સબસ્ટેશનના તમામ એક્સપ્રેસ ફીડર્સ એક્સપ્રેસ ફીડર્સ: ૬૬ કેવી ગ્રાહકો: ૬૬ કેવી, સીએમસી, ૬૬ કેવી કંડોઈ

અસુવિધા બદલ દિલગીર છીએ
આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે

આપની સેવા માં હરહંમેશ હાજર
Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

TMB Tamilnad Mercantile Bank Ltd Be a step ahead in life

તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિ.
વાપી શાખા -ગ્રાઉન્ડ ફલોક, આમીર કોમ્પલેક્ષ, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી સલીવાસા રોડ, વાપી-૩૯૬૧૯૫, ગુજરાત
CIN - L65110TN1921PLC001908 email:-vapi@tmb.bank.in ફોન: 0260- 2423999, Mo:8141633399

નિયમ ૮(૧) કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર, સરફેસી અધિનિયમ-૨૦૦૨ (૨૦૦૨ નો અધિનિયમ ક્રમાંક ૫૪) હેઠળ તમિલનાડ મર્કન્ટાઈલ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે તથા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચતાં અધિનિયમની કલમ ૧૩(૧૨) હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને, **તા. ૨૬.૦૮.૨૦૨૬** ના રોજ માંગણી નોટિસ જારી કરી નીચે જણાવેલ વ્યક્તિઓને નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર બેંકને **રૂ.૧૦,૪૪,૪૨૯.૦૫ (અંકે રૂપિયા દસ લાખ ચુમ્માલીસ હજાર ચારસો ઓગણત્રીસ અને પાંચ પૈસા પૂરા)** {ઓવરડ્રાફ્ટની બાકી રકમ **તા. ૧૧-૦૮-૨૦૨૬ ના રોજ રૂ.૧૦,૪૪,૪૨૯.૦૫}** ની રકમ ચૂકવી આપવા જણાવેલ હતું.૧) **શ્રીમતી સિદ્દીકી અંજુમનારા, શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકીના પ્રથમ પત્ની, સ્વર્ગસ્થ દેવાદાર/ ગીરો આપનાર શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકી, એકમાત્ર માલિકી પેઢી મેસર્સ અંઝાર એન્ડ કંપનીના કાયદેસરના વારસદાર. ૨) શ્રીમતી સ્વાલેહા નૂરમોહમ્મદ સિદ્દીકી, શ્રી ગુલઝાર અન્સારીનાં પત્ની તથા શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકીનાં પુત્રી, સ્વર્ગસ્થ દેવાદાર/ ગીરો આપનાર શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકી, એકમાત્ર માલિકી પેઢી મેસર્સ અંઝાર એન્ડ કંપનીના કાયદેસરના વારસદાર.૩) શ્રી સિદ્દીકી અંઝાર, શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકીના પુત્ર, સ્વર્ગસ્થ દેવાદાર/ ગીરો આપનાર શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકી, એકમાત્ર માલિકી પેઢી મેસર્સ અંઝાર એન્ડ કંપનીના કાયદેસરના વારસદાર તથા જામીનદાર.૪) શ્રી સિદ્દીકી સદ્દામ, શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકીના પુત્ર, સ્વર્ગસ્થ દેવાદાર/ ગીરો આપનાર શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકી, એકમાત્ર માલિકી પેઢી મેસર્સ અંઝાર એન્ડ કંપનીના કાયદેસરના વારસદાર. ૫) શ્રીમતી સોફિયા અંજુમ સિદ્દીકી, બીજા પત્ની, સ્વર્ગસ્થ દેવાદાર/ ગીરો આપનાર શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકી, સ્વર્ગસ્થ દેવાદાર/ ગીરો આપનાર શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકી, એકમાત્ર માલિકી પેઢી મેસર્સ અંઝાર એન્ડ કંપનીના કાયદેસરના વારસદાર. ૬) સગીર નેહાલ નૂરમોહમ્મદ સિદ્દીકી, શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકીના પુત્ર , સ્વર્ગસ્થ દેવાદાર/ ગીરો આપનાર શ્રી નૂરમોહમ્મદ સિદ્દીકી, એકમાત્ર માલિકી પેઢી મેસર્સ અંઝાર એન્ડ કંપનીના સગીર કાયદેસરના વારસદાર. ૭) સગીર તાજ મોહમ્મદ ન

વાપીમાં સમાવિષ્ટ ૧૧ ગામોના વિકાસ નકશાને ગેઝેટમાં મંજુરી

દિવાળી બાદ બાંધકામની પરમિશનનો માર્ગ મોકળો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૬ : વાપી મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ કરવામાં આવેલા ૧૧ ગામોના વિકાસ નકશાને આજે ધનતેરસના શુભ દિવસે ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની મંજૂરી મળતા જમીનમાલિકો, બિલ્ડરો અને ઉદ્યોગકારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ નિર્ણયથી આગામી દિવાળી બાદ આ ગામોમાં નવા બાંધકામ માટે પરમિશન મેળવવાનો માર્ગ મોકળો બનશે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાપી મહાનગરપાલિકાની રચના બાદ વાપીની આસપાસનાં ૧૧ ગામોનો મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ ગામોના ઝડપી વિકાસને વેગ આપવા માટે વિકાસ નકશાને ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ અંગે રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા સંબંધિત કચેરીઓમાં સતત રજૂઆતો કરવામાં આવી હતી.

જેના પરિણામે ધનતેરસના દિવસે વાપી મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નામધા, ચંડોર, કુંતા, અટક પારડી, વટાર, મોરાઈ, બલિઠા, સલવાવ, છીરી, ચણોદ અને કરવડ ગામોના વિકાસ નકશાને ગેઝેટમાં મંજૂરી મળી છે. આ નિર્ણયથી ઉપરોક્ત ૧૧ ગામોમાં જમીન ધરાવતા જમીનમાલિકો, બિલ્ડરો, ઉદ્યોગકારો તેમજ સ્થાનિક રહીશોમાં ખુશીની લહેર પ્રસરી છે.

ખાસ કરીને લાંબા સમયથી બાંધકામની પરમિશનની રાહ જોઈ રહેલા લોકો માટે આ નિર્ણય રાહતરૂપ સાબિત થશે. દિવાળી બાદ આ ગામોમાં નવી બાંધકામ પરમિશન આપવાની પ્રક્રિયા શરૂ થવાની શક્યતા છે, જેને પગલે આગામી દિવસોમાં આ વિસ્તારોમાં વિકાસની નવી તકો ઊભી થશે



ડુંગરામાં દુષ્કર્મના આરોપીના જામીન નામંજૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી તા. ૬ : વાપીના ડુંગરા વિસ્તારમાં રહેતી એક એક ૧૪ વર્ષની કિશોરી પર દુષ્કર્મ કરનાર મેરાજ અહેમદ ફિરોજ ખાનની જામીન અરજી વાપી પોક્સો એક્ટ હેઠળની સ્પેશિયલ કોર્ટના જજ ડૉ. એચ. એન. વકીલે ના મંજુર કરવાનો હુકમ કરાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ડુંગરા પોલીસ દ્વારા પોક્સો એક્ટ હેઠળના ગુનામાં આરોપી મેરાજ એહમદ ફિરોઝ ખાનની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ દ્વારા તપાસ પૂર્ણ કરી આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીએ જેલમુક્ત થવા માટે પ્રથમ વખત રેગ્યુલર જામીન અરજી કરી હતી.

આ જામીન અરજીની સુનાવણી દરમિયાન ડી.જી.પી. અનિલ ત્રિપાઠીએ આરોપીને જામીન ન આપવા અંગે રજૂ કરેલી દલીલોને ગ્રાહ્ય રાખી સ્પેશિયલ જજ ડૉ. એચ. એન. વકીલે આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.







OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**